





શ્રી રંગ અવધૂતજી (નારેશ્વર)

# શ્રદ્ધાંજલિ



## દિવંગત પૂ. શ્રી નંદસુખલાલ ઠાકોરદાસ શ્રોફ
(શ્રોફકાકા)

જન્મ : ૨૩ એપ્રિલ, ૧૯૦૫] [દેહવિલય : ૧૩ ઓક્ટોબર, ૧૯૯૫

મુદ્રક : અંબિકા પ્રિન્ટર્સ
અમદાવાદ.
(૦૭૯-૨૫૪૫૩૯૦૪)

ગ્રાફિક્સ : શ્રી રવીશ રાજેન્દ્ર ઉપાધ્યાય
**'રાહ-રંગપ્રેમની'**
આણંદ- ૩૮૮ ૦૦૧.
(૦૨૬૯૨-૨૪૯૪૫૫)

પ્રકાશક : પ્રેમજયંતી સમિતિ
અમદાવાદ.
મો. ૯૮૨૪૫ ૦૪૨૦૬.

આવૃત્તિ : પ્રથમ
ચૈત્ર વદ અગિયારસ (સ્માર્ત એકાદશી), ૨૦૬૩.
શુક્રવાર, તા. ૧૩-૪-૨૦૦૭.

પ્રત : ૧૦૦૦


**પાંચ રૂપિયા**

# આશીર્વચન

દરેક ભાષામાં બાળસાહિત્યનું મહત્ત્વ સ્વીકારાયું છે. પહેલાના સમયમાં દાદા-દાદીના ખોળામાં માથું મૂકીને સૂતેલા બાળકને દાદા-દાદી દ્વારા વાર્તા સાંભળવાની મળતી. હું પાંચ વર્ષની ઉંમરનો હતો ત્યારે મારા માતુશ્રીના ખોળામાં સૂતા સૂતા તેમના મુખેથી ભકત ધ્રુવની વાર્તા સાંભળતો. એના ફળ સ્વરૂપે 'બાળકોના રંગદાદા'નું બાળ સાહિત્ય પ્રાપ્ત થયું છે એવું મને લાગે છે. હવે આવા ભાગ્યશાળી પરિવારોની સંખ્યા ઓછી જોવા મળે છે. નાની ઉંમરના બાળકોને પૂ. બાપજીની વાતો કહીને એમનામાં પૂ.શ્રીની ભક્તિના અમી ઘૂંટડા પાવાનું કામ પરિવારમાં સભાનપણે થવું જોઈએ. પૂ.શ્રીની ભક્તિનો વિસ્તાર વધે અને એ ભક્તિનો વારસો પરિવારમાં જળવાઈ રહે એ આશયથી 'બાળકોના રંગદાદા' પુસ્તક શ્રેણીનું આયોજન થયું છે. એ શ્રેણીમાં નવ પુસ્તકો તો પ્રકાશિત થઈ પણ ગયા છે.

બાળકોને વાંચવાનું ગમે અને છતાં જાણતાં-અજાણતાં એના મનમાં સંસ્કારો દઢ થતા જાય એ રીતે તૈયાર થતું લખાણ પ્રશંસનીય છે, અનુકરણીય છે.

'બાળકોના રંગદાદા' ભાગ-૧૦ને હું આવકારું છું અને પ.પૂ. સદ્‌ગુરુ શ્રી રંગ અવધૂત મહારાજને પ્રાર્થના કરું છું કે આવું બાળ સાહિત્ય શ્રી કુલીનભાઈ વધુ ને વધુ પરિવારના બાળકોને પીરસતા રહે.

આપણે બાળકોને સાચવીશું તો બાળકો આપણને સાચવશે. બાળપણ એ ભગવાનની ભેટ છે. આ કીમતી ભેટનું આપણે જતન કરીએ અને આવા વધુ પુસ્તકોનું નિર્માણ કરીએ.

લિ.

મુંબઈ, ૐ

તા.૧૧-૪-૨૦૦૭ પ્રેમ

# આવકાર

સારા પુસ્તકો એ એવાં દેવળ છે જ્યાં દંભી મહંતોના માધ્યમ વિના જ માનવી ઈષ્ટદેવનું સાંનિધ્ય મેળવી શકે છે. **A good book is the lasting Companion-** સારું પુસ્તક એ આખર સુધીનો સાથીદાર છે.

સંસારરૂપી ફૂલવાડીના મા-બાપ એ માળી છે અને સંતાનો એ ફૂલવાડીના ફૂલો છે. આ બાળકો ખીલે, વિકસે અને મહેંકે એ જોવાની ફરજ મા-બાપની તથા શિક્ષકની છે.

બાળકોને સારી સારી વાર્તા કહેવી અને સારા પુસ્તકો વાંચવા આપવા એ સંસ્કાર ઘડતરનો સાચો અને સરળ રસ્તો છે. 'બાળકોના રંગદાદા'એ આ દિશામાં ઊઠાવેલું કદમ છે. બાળકોને વાંચવું ગમે એવી ભાષા, ટૂંકા વાક્યો અને જરૂર પડે ત્યાં વાક્યોનું પુનરાવર્તન એ આ પુસ્તક-શ્રેણીની વિશેષતા છે.

પ્રભુમય જીવન જીવતા અને આત્માનંદમાં મસ્ત એવા અવધૂતજીનું જીવન અને કવન બહુ જ સુંદર રીતે મુ. કુલીનભાઈએ વ્યકત કર્યું છે. પૂ.શ્રી રંગના ગુણ, શીલ, સ્વભાવ, તપ અને પરમાત્મા જોડેનું તાદાત્મ્યનું વર્ણન પ્રસાદસિદ્ધિ કલમે અને અનુગ્રહ શુદ્ધવાણીનો સુમેળ સધાયેલો જોતાં પ્રેરણાદાયી નિવડશે.

પૂ. બાપજીની દેવભક્તિ, દેશભક્તિ, માતૃભક્તિ વગેરેનું વર્ણન કરતી આ પુસ્તક શ્રેણીને આવકારતાં આનંદ અનુભવું છું અને આવકાર લખવાની તક આપવા બદલ મુ. કુલીનભાઈનો આભારી છું.

પૂ. રંગબાપજીના અજસ્ર આશીર્વાદ મુ. કુલીનભાઈ પર વરસે એવી પ્રાર્થના.

**નવસારી** **ડૉ. બંકીમ બી. વૈદ્ય**

**તા. ૧૦-૪-૨૦૦૭**

# ✤ લેખકનું નિવેદન ✤

જ્યારે બાળકોનું મન કોરી સ્લેટ જેવું હોય ત્યારે જ આપણે એના ઉપર સંસ્કારી વાતોનું રેખાંકન કરી દઈએ તો સારું. ‘કુમળા છોડને વાળીએ તેમ વળે’ એ ન્યાયે નાના બાળકોને પૂ.શ્રી વિશેની વાતો જાણવા મળે તો સારું એવા વિચારમાંથી આ પુસ્તિકાનું પ્રકાશન થઇ રહ્યું છે.

મારા પુત્ર હર્ષલની નિર્જરીને આ સંસ્કારોથી મઢવાની વૃત્તિથી વાતો કરતાં કરતાં આવી પુસ્તિકાની શ્રેણી રચવાની ઇચ્છા જાગી. એમાં ‘બાળકોના મોટા’ એવી પુસ્તિકા હાથમાં આવી. શ્રી મુકુલ કલાર્થીની આ પુસ્તિકાની વાત શ્રી સુભાષભાઇ દવેને કરી તો એમણે મને પ્રોત્સાહિત કર્યો કે રંગ પરિવારના મુકુલભાઈ તમે બનો. એમનો વિશ્વાસ ગુરુ મહારાજની કૃપાથી સાચો ઠર્યો છે એટલે એ વિશ્વાસ જગાવનારના ઋણ સ્વીકારરૂપે એમનું સ્મરણ કરું અને આભાર માનું એ ઉચિત જ છે.

આવકાર લખી આપવા બદલ ડૉ. બંકીમભાઇ વૈદ્યનો હું ઋણી છું. પ્રૂફ તપાસવા માટે તેમજ જોડણી શુદ્ધિ માટે મારા ધર્મપત્ની સૌ. અંજનીનો હું આભારી છું. તેમજ આ પુસ્તિકાના ટાઇટલ પેજ નં-૩ અને નં-૪નું લખાણ તૈયાર કરવામાં મદદ કરવા બદલ મારા મોટાભાઇ ડૉ.મુ.શ્રી દિનેશભાઈનો આભારી છું.

પૂ. પ્રેમ અવધૂતજીનો આભાર માની હું અંગતપણાનો ભાવ ક્ષીણ થવા નહિ દઉં. એ પ્રેરકબળ પણ છે અને ચાલક બળ પણ છે. પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજના ચરણોમાં અનેકાનેક વંદન અને પૂ. પ્રેમ અવધૂતજીને સાદર વંદન હો!

અમદાવાદ — લિ.

તા. ૧૧-૪-૨૦૦૭. — **કુલીન ઉપાધ્યાય**

(૦૭૯- ૨૭૪૮૦૦૮૮)

ૐ દ્રાં દત્તાત્રેયાય નમઃ ।
ૐ શ્રી વાસુદેવાનંદાય નમઃ ।
ૐ શ્રી રંગાવધૂતાય નમઃ ।

ભકતાન્તરાનન્દકરં પ્રશાન્તં
મૌનપ્રિયં ત્યાગપથાધિરુઢમ્ ।
વિદ્વદ્ભિરામં વિપિને વસન્તં
રંગાવધૂતં પ્રણતોઽસ્મિ નિત્યમ્ ॥

## (૧)

## પાવનકારી ગ્રંથનું પવિત્રતાપૂર્ણ પ્રકાશન

લક્ષ્ય સારું હોય એટલું પૂરતું નથી.

એ લક્ષ્ય સિદ્ધ કરવાના સાધનો પણ પવિત્ર હોવા જોઇએ.

પૂ.શ્રી આ વાતને પૂરેપૂરા સમજી ચૂક્યા હતા અને એમણે એને જીવનમાં ઉતાર્યું હતું.

પોતાના ગુરુમહારાજની આજ્ઞા માથે ચઢાવી એમણે દિવ્ય ગ્રંથ લખ્યો.

એ ગ્રંથ એટલે 'શ્રીગુરુલીલામૃત.'

આવો અદ્‌ભુત ગ્રંથ સંવત ૧૯૮૮ (સને ૧૯૩૨)માં રચાયો પરંતુ પૂ.શ્રીએ કોઈને ખાસ જાણ કરી નહિ.

પ્રસિદ્ધિથી દૂર રહેવાનું તે આનું નામ.

'પ્રતિષ્ઠા સૂકરી વિષ્ઠા' એમ માત્ર બોલવાનું નહિ પણ જીવી બતાવવાનું.

**મૌન એ વાર્તાલાપની મહાન કલા છે.**

૧૯૦૦૫ દોહરાનો ગ્રંથ છપાવવાની ઉતાવળ નહિ.
'દેવનું કાર્ય દેવ કરે છે' એ ન્યાયે ભગવાન ગોઠવે ત્યારે છપાશે એવી પૂ.શ્રીની વૃત્તિ.
સંવત ૧૯૯૦ એટલે કે સને ૧૯૩૪માં મૂળીફોઇ માંદા પડ્યા. ભયંકર બીમારી.
આંખે દેખાય નહિ, કાને સંભળાય નહિ અને ગળે પાણી ઉતરે નહિ. રાતનો સમય.
બધી જ નાડીઓના દેવતા રિસાઇ ગયેલા.
મૂળીફોઇ લવારીએ ચઢ્યા.
પૂ.શ્રીનું નામ ભાંગ્યુ તૂટ્યું બોલવા લાગ્યાં.
દાસકાકાએ ચુનીભાઇને નારેશ્વર દોડાવ્યા.
રાત્રે નવ વાગ્યા હશે.
ચુનીભાઇએ પૂ.શ્રીને વાત કરી.
પૂ.શ્રીએ સીધું જ પૂછ્યું: "આજની રાત તો કાઢશે કે નહિ?"
ચુનીભાઇએ કહ્યું: "બાપજી! કંઇ કહેવાય નહિ.
રાત કાઢે તો કાઢે, નહિ તો નહિ પણ કાઢે."
બસ! આ સાંભળતા જ પૂ.શ્રી ઊઠ્યા.
પગમાં પહેરી પાવડી.
હાથમાં લીધો દંડ ને પહોંચ્યા રણાપુર.

**મૌનને જ પ્રેમ જેવું ઊંડાણ છે.**

પૂ.શ્રીને જોતા જ દાસકાકાને પરમ શાંતિ થઇ ગઇ.
પૂ.શ્રીએ જાતે મોસંબીનો રસ કાઢ્યો.
પણ મૂળીફોઇના ગળે ઉતર્યો નહિ.
મળસ્કે ચાર વાગે પૂ.શ્રી ઊઠ્યા.
સ્નાન કર્યું.
અભિમંત્રિત જળ પાયું તે ગળે ઉતર્યું.
મૂળીફોઇએ આંખ ખોલી.
પોતાના સદ્‌ગુરુદેવને જોતાં જ આનંદ આનંદ થઇ ગયો.
એમણે દાસકાકાને કહ્યું "તાર કરીને મોદીકાકાને બોલાવો. મારે અંગત વાતો કરવી છે."
દાસકાકાએ કહ્યું: તને મારા પર વિશ્વાસ નથી?
તું મને કહે. તું જેમ કહે તેમ કરીશ.
મૂળીફોઇએ કહ્યું: મારા પલ્લાની રકમમાંથી રૂ. ૫૦૦ શ્રીગુરુલીલામૃત છાપવા માટે વાપરવાના છે.
પવિત્ર વ્યક્તિનો પવિત્ર સંકલ્પ ફળ્યા વગર રહે ખરો?
સંવત ૧૯૯૦ એટલે કે સને ૧૯૩૪ના વિજયાદશમી (દશેરા) ઉપર જ્ઞાનકાંડનું પ્રકાશન થયું. અને તે પણ મૂળીફોઇના પૈસાથી.
પ્રતિષ્ઠાને મહત્ત્વ આપ્યા વગર, દેવને ગમે એ રીતે જીવવાની વૃત્તિ એ જ સાચા સંતનું લક્ષણ છે.

●

**મૌન એકાન્ત આત્માનો પરમ મિત્ર છે.**

## (૨)

# શરણાગતનો તારણહાર

પૂ.શ્રીને નારેશ્વરનું સ્થાન બતાવનાર રણાપુરના હરગોવિંદદાસ સોની.

પૂ.શ્રીને નારેશ્વરમાં સ્થિર કરનાર હરગોવિંદદાસ સોની.

આ હરગોવિંદદાસ તે જ રંગપરિવારના દાસકાકા.

રણાપુર રહે.

પૂ.શ્રીને સદ્‌ગુરુ માન્યા અને એમના ચરણોમાં સર્વ સમર્પણ કર્યું.

પૂ.શ્રીનો મુકામ સરખેજમાં હતો.

સરખેજમાં થોડા દિવસ રોકાવવાનો ખ્યાલ હતો.

આ બાજુ રણાપુરમાં દાસકાકાની તબિયત બગડી.

માંદગીએ એવું ગંભીર રૂપ ધારણ કર્યું કે દાસકાકા બેભાન થઈ ગયા.

ખાવા-પીવાનું બંધ. વાતો કરવાની બંધ.

ભાનમાં આવી જશે એવી શ્રદ્ધા હતી પણ ત્રણ ત્રણ દિવસ થવા છતાં ભાનમાં આવ્યા ન હતા.

દાસકાકાની દીકરી મૂળીબેન.

પૂ.શ્રી એને બેન માની ભાઈબીજ કરવા રણાપુર જાય.

**મૌન માત્ર વાણીનું નહિ, વિચારનું પણ હોવું જોઈએ.**

મૂળીબેન મૂંઝાયા.

બાપુજી બેભાન અને બાપજી નારેશ્વરની બહાર.

એકલે હાથે લડવાનું આવ્યું.

એમણે સરખેજ પત્ર લખીને બાપુજીની માંદગીની જાણ કરી.

પૂ.શ્રીને પત્ર મળ્યો. પત્ર વાંચ્યો.

ગભરાયેલા મૂળીબેનની મનની મૂંઝવણ કળી ગયા.

પૂ.શ્રીએ રણાપુર જવાનો નિર્ણય કર્યો.

રાત્રીની લોકલમાં જવાનું નક્કી થયું.

પૂ.શ્રી મળસ્કે ચાર વાગે પાલેજ ઉતર્યા.

પાલેજથી ચાલવા માંડ્યુ.

ખેતરમાં થઈને પૂ.શ્રી નિકળ્યા.

આગળ એક સફેદ આકૃતિ ચાલી જાય.

પૂ.શ્રી એની પાછળ પાછળ જાય.

રણાપુરની ભાગોળે પૂ.શ્રી આવી ગયા.

હજી અંધારુ હતું. લોકો સૂતા હતા.

વાતાવરણ શાંત હતું.

પૂ.શ્રીએ દાસકાકાના ઘર તરફ પગલા માંડ્યા.

દાસકાકાનું ઘર આવ્યું ત્યાં કૂતરાં ભસ્યા.

મૂળીબેન સમજી ગયા કે કોઈ આવ્યું છે.

**મૌનના ઝાડને સત્યમ્, શિવમ્ અને સુંદરમ્નાં ફળ લાગે છે.**

તરત બારણું ખોલ્યું.
જોયું તો સામે જ અવધૂતજી.
મનનો આનંદ આંખમાં આંસુ બનીને આવી ગયો.
પૂ.શ્રીએ પહેલો પ્રશ્ન એ જ કર્યો: “દાસને કેમ છે?”
મૂળીબેને કહ્યું: “છે તેમનું તેમ છે. હજી ભાનમાં આવ્યા નથી.” દાસકાકાને ખાટલામાં સૂવાડ્યા હતા.
પૂ.શ્રી ખાટલાની ઈસ ઉપર બેઠા.
દાસકાકાના કપાળે હાથ મૂક્યો.
પૂ.શ્રીના હાથનો સ્પર્શ થતાં જ દાસકાકાએ આંખો ખોલી.
દાસકાકાને ભાનમાં આવેલા જોઈને મૂળીબેનને ‘હાશ’ થઇ.
હવે બાપુજીને કંઇ નહિ થાય એવી શ્રદ્ધા મજબૂત બની.
દાસકાકાએ આંખો ખોલી એટલે બાપજી બોલ્યા: “જો દાસ! તમે દેવની સેવા સાચા દિલથી કરી હશે તો છત્રીસ કલાકમાં તમે હરતા ફરતા થઇ જવા જોઇએ અને ત્યાં સુધી અવધૂત અહીંથી ખસવાનો નથી.”
જે જેનું શરણું લે છે તે તેને તારે છે એ નિયમ છે.
જળનું શરણું લેનાર માછલીની કાળજી જળ લે છે.
પાણીના પ્રવાહની વિરુદ્ધ દિશામાં માછલી જઇ શકે છે.

**મૌન એક ઉત્તમ ભાષણ છે.**

પણ હાથી જઇ શકતો નથી.

શરણાગતનો તારણહાર એ બિરુદ ભગવાનનું છે અને ભગવદ્સ્વરૂપ સંતોનું પણ.

જો જાકી શરણ લીયે તાકી રાખે લાજ,
ઊલટ જલે મછલી ચલે, બહત જાત ગજરાજ.

મુ. દાસકાકા હરતા ફરતા થઇ ગયા.

•

## (૩)

## સેવામાં સાવધાની

ઘણીવાર વ્યક્તિ પોતાના સંતોષ ખાતર એવું કરે છે કે જે સંતને અનુકૂળ ન પણ હોય.

સંતનું મન દુભાય.

સંતની સેવા કરતાં કરતાં કુસેવા થઇ જાય.

ઈ.સ. ૧૯૪૬ની સાલ અને સંવત ૨૦૦૩.

વડોદરા પાસે છાણીમાં ૪૯મી રંગજયંતીની ઉજવણી થઇ.

યજમાન હતા જેઠાલાલભાઇ મનસુખભાઇ.

પૂ.શ્રીની જયંતી ઉજવવાનો લ્હાવો મળે એ પણ સદ્ભાગ્ય ગણાય.

**સમર્થ સદ્ગુરુનું મૌન શિષ્યના સંશયોને દૂર કરે છે.**

રંગે ચંગે રંગજયંતી ઉજવાઇ.
કીડીયારાની માફક ભક્તગણ ઉભરાયો.
પાદુકાપૂજન અને સત્કાર વિધિ સંપન્ન થયાં અને બધાં મહાપ્રસાદ માટે ગયા.
પૂ.શ્રીને ભિક્ષા લેવા માટે વિનંતી કરવામાં આવી.
પૂ.શ્રી ભિક્ષા માટે ઊભા થયા.
પૂ.શ્રી આસન પર આવીને બેઠા.
મોતીબેને ભિક્ષાનો થાળ પીરસ્યો.
મોતીબેન એ ઠાકોરદાસ ભાઈદાસ પારેખના પત્ની થાય.
રંગજયંતીની ભિક્ષા એટલે સાદી ભિક્ષા થોડી હોય.
એમણે તો ભિક્ષામાં અન્નકૂટ પીરસ્યો.
વિધવિધ વાનગીથી થાળ ભરી દીધો.
એ બધું જોઇને પૂ.શ્રી એટલું જ બોલ્યાઃ “મોતીબેન! આવું હું ક્યારેય ખાઉં છું ખરો?
આમ તો દર વખતે હું ખીચડી જ લેતો હોઉં છું તે શું તમે ભૂલી ગયા?
યજમાનનું મન આજનો દિવસ દુભાય નહિ એટલા માટે હું આમાંથી બે કોળિયા ખીચડીના ભરું છું.
બાકી મારા મોંમાંથી તો અમી જ ઊડી ગઇ છે ને ક્ષુધા પણ શાંત થઇ ગઇ છે.

**મૌન વિપત્તિના ક્ષણોમાં સુંદર માર્ગદર્શન પૂ રું પાડે છે.**

કેવળ નવો સવો પ્રસંગ છે એટલે જેઠાભાઈ અને તેમનાં આપ્તજનોને ઓછું ન આવે એટલા માટે પાટલે બેસું છું.”

મોતીબેન પોતાની ભૂલ સમજી ગયા.

પોતાના ભક્તિભાવના આવેશમાં બાપજીને ભૂખ્યા રહેવું પડ્યું એનો પ્રશ્નાત્તાપ થવા લાગ્યો.

અનેક રીતે માફી માગવા લાગ્યા.

આંખમાંથી તો શ્રાવણ-ભાદરવો વહેવા લાગ્યો.

બાપજીએ તેમને શાંત પાડતા કહ્યું: “જે કાંઈ કરો તે મારે માટે જ કરવાનું હોય તો તે મને ફાવતું આવે તેમ કરવાનું કે તમને ફાવતું હોય તેમ?

એમાં પણ તમારી વિવેક બુદ્ધિ ગીરો મૂકીને કશું જ કરવાનું હું સૂચવતો નથી.

પણ કેવળ તમારા મનના જ સંતોષ ખાતર કરવાને બદલે મને પણ સંતોષ થાય અને તમને પણ, અરે યજમાનને પણ સંતોષ થાય ને મહેમાન પણ સંતુષ્ટ થાય.

આવું બધું કરવું તેમાં સંતની સેવા કરતાં કુસેવા થઇ જાય. એનાથી સાવધ રહેવું.”

સેવાનો મર્મ સમજાવી દીધો.

**મૌનથી શક્તિ વધે છે.**

સ્વામી રાજી રહે એ જ સેવકનું લક્ષ્ય રહેવું જોઇએ. મને ગમે તેવું બાપજી તમે ગમાડો એવું નહિ, પણ બાપજીને ગમે તે મારા મનને ગમાડું તો એ સાચી સેવા કહેવાય. પણ સેવાધર્મ તો ખૂબ અઘરો છે.
'સેવાધર્મો પરમ ગહનો યોગિનામપ્યગમ્ય' એવું અમસ્તું કહેવાયું હશે?

•

(૪)

## આજ્ઞા માની, તો જવાબદારી જાણી.

વડોદરા પાસે પોર ગામ આવ્યું.
વડોદરાથી ૨૦ કિલોમીટર દૂર.
ત્યાં ગોવિંદભાઇ ઉપાધ્યાય રહે.
પૂ.શ્રીના અનન્ય ભક્ત.
કોલેજમાં અભ્યાસ કરે.
અભ્યાસ કરતા કરતા ઈન્ટર પાસ કરી.
બી.એ.માં આવ્યા.
બી.એ.ના બે વર્ષ.
જુનિયર બી.એ. અને સિનિયર બી.એ.
જુનિયરનું વર્ષ જોલી જુનિયર કહેવાય.

**મૌનને અનંતતા હોય છે, એને સમયનું બંધન નથી.**

કોલેજ પરીક્ષા લે. બધા પાસ જ થાય.
ખરી કસોટી સિનિયર બી.એ.ની પરીક્ષા વખતે થાય.
જલદી નોકરી મેળવવાના હેતુથી ગોવિંદભાઈએ બી.એ.માં ઇંગ્લિશ વિષય રાખ્યો. સંસ્કૃત છોડી દીધું.
પૂ.શ્રીને પૂછેલું નહિ કે કયો વિષય રાખું.
થોડા મહિના વીતી ગયા. જુનિયર બી.એ.નું વર્ષ.
એક વાર નારેશ્વર ગયા.
પૂ.શ્રીએ સામેથી પૂછ્યું: "ગોવિંદ! બી.એ.માં કયો વિષય રાખ્યો?"
ગોવિંદભાઈએ કહ્યું: "બાપજી! ઇંગ્લિશ."
પૂ.શ્રી તરત જ બોલ્યા: "તમે બ્રાહ્મણ થઈને સંસ્કૃત નહિ રાખો તો સંસ્કૃત કેવી રીતે ટકશે? અને પછી કહ્યું કે "આપણે તો સંસ્કૃત રાખવાનું. હવે વિષય બદલાય કે નહિ?"
ગોવિંદભાઈએ કહ્યું: "બાપજી! બદલાય."
પૂ.શ્રીએ આજ્ઞા કરી: "તો આપણે ઇંગ્લિશ છોડીને સંસ્કૃત રાખવાનું." ગોવિંદભાઈએ આજ્ઞા માની.
બી.એ.માં સંસ્કૃત વિષય રાખ્યો.
સિનિયર બી.એ.ની પરીક્ષા આવી.
સને ૧૯૫૦નો માર્ચ મહિનો.

**પહેલું મૌન વાણીનું, છેલ્લું મૌન વિચારનું.**

ગોવિંદભાઈ પરીક્ષા આપવા નડિયાદ ગયા.
એક દિવસ કોલેજ વહેલા પહોંચી ગયા.
મમ્મટનું ભાવપ્રકાશ વાંચે.
મમ્મટ એ સંસ્કૃતના પ્રખર વિદ્વાન.
એવામાં એક વિદ્યાર્થી આવ્યો.
ગોવિંદભાઈને પૂછ્યું: "પાર્ટનર કેમ ભાવપ્રકાશ વાંચો છો? આજે તો કાવ્યપ્રકાશની પરીક્ષા છે."
ગોવિંદભાઈ ગભરાયા.
એમણે ટાઈમટેબલ જોયું તો પોતાની ભૂલ છે તે ખબર પડી.
ગોવિંદભાઈ તો થરથર ધ્રૂજે. હવે શું?
પેલા વિદ્યાર્થીએ કહ્યું: "ગભરાશો નહિ.
હું સવાલ અને તેના જવાબ બોલું તે તમે સાંભળો."
પેલો વિદ્યાર્થી તો એક પછી એક સવાલ અને જવાબ બોલતો જાય.
ગોવિંદભાઈની નજર એની આંખ પર ગઈ તો આંખ પરિચિત લાગી.
એમને થયું કે આ આંખ તો મેં ક્યાંક જોઈ છે.
પરંતુ વધુ વિચારે તે પહેલા ઘંટ વાગ્યો અને બધા ક્લાસમાં જવા ઊભા થયા.

**મૌન રાખવાથી મન શાંત રહે છે.**

ગોવિંદભાઇએ જતા જતા પૂછ્યું: “પાર્ટનર! તમે કયા ગામના?”

એણે જવાબ આપ્યો: “તમારી બાજુનો જ” અને ઝડપથી કોલેજમાં જતો રહ્યો.

પરીક્ષા શરૂ થઇ.

બધાને પ્રશ્નપત્રો વહેંચાઇ ગયા.

ગોવિંદભાઇએ પહેલા બાપજીનું સ્મરણ કર્યું.

મનોમન પ્રાર્થના કરી અને પછી પ્રશ્નપત્ર જોયું.

ગોવિંદભાઇની આંખ પહોળી થઇ ગઇ.

મોં પર હાસ્ય છવાઇ ગયું.

પેલો છોકરો જે પ્રશ્નો કહી ગયો હતો તે જ બધા પ્રશ્નો હતા.

ગોવિંદભાઇએ પરીક્ષા આપી અને પાસ પણ થઇ ગયા.

પણ પ્રશ્ન તો થયો જ કે એ છોકરો હતો કોણ?

●

## (૫)

# ભેદ ખૂલ્યો

પરીક્ષાખંડમાંથી ગોવિંદભાઈ હસતા હસતા નીકળ્યા.
જે વિદ્યાર્થીએ મદદ કરી હતી તેને શોધતા હતા.
એ મળે તો આભાર માનવાની ઈચ્છા હતી.
અને ખુશાલીમાં આઈસ્ક્રીમ ખવરાવવાની ભાવના હતી.
બધા વિદ્યાર્થી ગયા પણ મદદ કરનાર પાર્ટનર દેખાયો નહિ. ગોવિંદભાઈને થયું કે કદાચ વહેલો નીકળી ગયો હશે. બીજે દિવસે દરવાજા પર ઊભા રહ્યા.
આવનારા બધાને જોયા પણ પેલો દેખાયો નહિ.
જેટલા દિવસ પરીક્ષા ચાલી તેટલા દિવસ તપાસ કરતા રહ્યા પણ મદદ કરનાર પાર્ટનર મળ્યો નહિ.
કોણ હશે એ?
ગોવિંદભાઈ પછી પોર ગયા.
પરિણામ આવ્યું અને પાસ પણ થઈ ગયા.
પૂ.શ્રીની કૃપાથી સારી રીતે પાસ થઈ ગયા.
એક વાર ગયા નારેશ્વર.
પૂ.શ્રી નર્મદા કિનારે ઓદુંબરના વૃક્ષ નીચે બેઠા હતા.
ગોવિંદભાઈ ત્યાં ગયા. પગે લાગ્યા.

**મનનું મૌન વાણીના મૌન કરતાં ચઢિયાતું છે.**

બીજા ભક્તોની સાથે બેઠા.
વાતો સાંભળતા હતા.
સાંજ પડવા આવી.
પૂ.શ્રીને જવાનો સમય થયો.
બધા ભકતો પગે લાગીને જવા લાગ્યા.
રહ્યા એકલા ગોવિંદભાઇ.
પૂ.શ્રી ઊઠ્યા એટલે પૂ.શ્રીનું આસન ઉપાડી લીધું.
પૂ.શ્રીએ ચાલવા માંડ્યું એટલે ગોવિંદભાઇ પણ સાથે સાથે ચાલવા લાગ્યા.
બસ! ત્યાં જ બાપજીએ એમને કહ્યું: “આવી રીતે પરીક્ષા આપવા જાવ છો? કયા વિષયની પરીક્ષા ક્યારે હોય છે એનું તો તમને ભાન નથી હોતું.”
ગોવિંદભાઇ ચમક્યા.
એમના મનમાં ઝબકારો થયો.
આખો પ્રસંગ નજર સામે આવી ગયો.
પેલા વિદ્યાર્થીની આંખ જોઇને થયેલું કે આ આંખ તો ક્યાંક જોઇ છે એ વાતનો તાળો મળ્યો. “તમે કયા ગામના?” એના જવાબમાં “તમારી બાજુનો જ” એનો મેળ પણ મળ્યો. પોર અને નારેશ્વર એક બાજુએ જ આવેલાને!

**મૌન કુદરતી અને સહજ હોવું જોઇએ, પરાણે નહિ.**

ગોવિંદભાઈને સમજાઈ ગયું કે પૂ.શ્રીની આજ્ઞા માનીને વિષય બદલ્યો તો એમણે એમની જવાબદારી નિભાવી.
કોયડો ઉકલી ગયો.
ભેદ ખૂલી ગયો.
આ તો સમર્થ સદ્‌ગુરુની લીલા.
ગોવિંદભાઈ મનોમન વંદી રહ્યા.
સમર્થ સિદ્ધ પુરુષની શક્તિ શું કરી શકે તે જાણવા મળ્યું.

•

## (૬)

## એકાંતનો અવધૂતી અર્થ

પૂ.શ્રીને એકાંતવાસ ગમે.
એક વાર વરણામાથી એકાંતવાસ માટે આબુ જતા હતા.
વચ્ચે અમદાવાદ આવે.
અમદાવાદમાં મુકામ હતો.
આ મુકામ વખતે એક ગૃહસ્થ દર્શને આવ્યા.
એમનું નામ ત્ર્યંબકભાઈ.
સત્સંગ ચાલ્યો.
એમાંથી એક પ્રશ્ન ઊભો થયો કે એકાંત એટલે શું?

**સત્યનું પાલન કરવાથી મૌન સહજ બને છે.**

આ પ્રશ્ન સાંભળીને બાપજી બોલ્યા: “લોકો એકાંત એટલે શું સમજે છે?
એ લોકો તો નિર્જન જગામાં રહેવું એને એકાંતવાસ માને છે.
એમના મત પ્રમાણે તો પોતાના સિવાય અન્ય કોઈ ન હોય એવી જગા. પણ એમ નથી.
એ મત બરાબર નથી.”
પૂ.શ્રીએ એકાંતનો સાચો અર્થ સમજાવ્યો.
એમણે કહ્યું: “એકસ્ય અન્ત: યસ્મિન ઈતિ એકાંત: ।
જેમાં છેવટે એક જ હોય તે.
અને તેમાં પણ આગળ વધીએ ત્યારે એકસ્યાપિ અન્ત: । એટલે કે તે એક પણ અંતે જેમાં લય પામે તે જ ખરું એકાંત છે.”
એકાંત એટલે નિર્જન અરણ્ય નહિ પણ એક છે તેનો પણ પરબ્રહ્મમાં લય થવો, અંત આવવો.
અવધૂતજીની સમજ એકદમ સૂક્ષ્મ.
ચીલાચાલુ અર્થ ન સમજતાં એનો આગવો અર્થ સમજવો અને સમજાવવો એ અવધૂતજીનું કામ.

●

**ચારિત્ર્ય એટલે સારી ટેવોનો સમૂહ.**

# (૭)

# ✤ સંવાદિતાની જાળવણી ✤

પ.પૂ.રંગ અવધૂતજીના મન પર In tune with infinite પુસ્તકની ઘેરી અસર.

આ પરદેશી લેખકે લખેલા પુસ્તકનું 'પ્રભુમય જીવન'ના નામે ગુજરાતી ભાષામાં પુસ્તક પ્રગટ થયું છે.

આ પુસ્તકનો કેન્દ્રવર્તી સુર છે: "હંમેશાં સારા વિચાર કરો". મનમાં ખરાબ વિચાર ઉઠવા જ ન દો.

કદાચ ખરાબ વિચાર ઊઠે તો તેને સારા વિચાર દ્વારા મનમાંથી હાંકી કાઢો.

સુખી થવાનો આ જ સાચો રાજમાર્ગ છે.

સારા વિચારોવાળું મન તનને પણ તંદુરસ્ત રાખે છે.

વિધેયાત્મક વિચાર દ્વારા કુદરતની સંવાદિતા (Harmoney) જાળવો.

શાંતિ (Peace) અને સંવાદિતા(Harmoney)માં સંવાદિતા ઊંચી ગણાય.

આ સંવાદિતા કેવી રીતે જળવાય?

પૂ.શ્રીએ પોતાના જીવનમાં બનેલા બનાવનું વર્ણન કર્યું છે.

**ચારિત્ર્ય ગુમાવ્યું તેણે સર્વસ્વ ગુમાવ્યું.**

એક વાર અવધૂતજીનો નડિયાદના નાના કુંભનાથમાં મુકામ હતો.
એકાદ માસ રહેવાનો વિચાર હતો.
અવધૂતે મુકામ કર્યો ના કર્યો ત્યાં જ છ-સાત ભંગેરી-ગંજેરી સાધુઓ આવ્યા.
આ અડંગ-નડંગ સાધુઓએ સામેના ચોતરા પર અડંગો જમાવ્યો.
હવે સાધુ સાધુમાં ફેર.
પૂ.શ્રીની જીવન પદ્ધતિ જુદી.
અપશબ્દ બોલે નહિ.
કોઈ જાતનું વ્યસન નહિ.
બસ! પોતાના ઈષ્ટદેવના સ્મરણમાં જ સમય પસાર કરે.
અને આ સાધુઓ?
એ તો અપશબ્દ બોલે. ઘોંઘાટ કરે.
ભાંગ ખાય અને ગાંજો પણ પીએ.
એમનું તોફાન જોયું. રીતભાત જોઈ.
પૂ.અવધૂતજીને મનમાં વિચાર આવ્યો કે 'આ નાલાયકોની હાજરીમાં એક મહિનો કેવી રીતે રહેવાશે?'
આવો વિચાર આવ્યો.

**માણસનું ચારિત્ર્ય કાવ્યથી ઘડાય છે.**

સંવાદિતામાં ખલેલ પડે એવો આ વિચાર હતો.
અવધૂતજી પોતે એવું માનતા કે આ સંવાદિતાને જાળવવી એ માનવમાત્રની ફરજ છે.
વિચાર, વાણી અને વર્તનથી આ સંવાદિતા જાળવવા.
એક પણ વિચાર એવો ન કરો કે જે આ સંવાદિતામાં ખલેલ પાડે.
એક પણ શબ્દ એવો ન ઉચ્ચારો કે જે આ સંવાદિતામાં ક્ષોભ ઉત્પન્ન કરે.
અને એક પણ કર્મ એવું ન કરો કે જે પ્રભુની હાજરીમાં ના કરી શકો.
પોતાને આવેલા ખરાબ વિચારને અવધૂતજીએ દૂર કર્યો.
કેવી રીતે?
સારો વિચાર કરીને.
સારો વિચાર કરીને મનમાં ઊઠેલા ખરાબ વિચારને કેવી રીતે દૂર કરી શકાય?
એ સારો વિચાર કેવો હોય?

●

**માણસનું ચારિત્ર્ય આચારથી વિકસે છે.**

(૮)

## પોતાના દોષ અને બીજાના ગુણ જુઓ

સામાન્ય રીતે આપણને અનુકૂળ આવે તે આપણને ગમે.

આપણને ગમે તે આપણી પાસે રહે એવી ઈચ્છા થાય.

એવી વ્યક્તિ કે વસ્તુ માટે રાગ જન્મે.

આપણને અનુકૂળ ના હોય એના તરફ દ્વેષ થાય.

આ રાગદ્વેષને દૂર કરવાની સાધના એ જ સાચી તપશ્ચર્યા છે.

એક વિચારક કહે છે: “જે ગમે તે મળે તેને સુખ કહેવાય. પણ જે મળે તે ગમે એને આનંદ કહેવાય.”

અવધૂતજીને વિચાર આવ્યો કે આવા નાલાયક સાધુઓ સાથે કેવી રીતે રહી શકાશે?

પરંતુ અવધૂતજીને તરત બીજો વિચાર આવ્યો કે આમને નાલાયક કહેવાનો મને શો અધિકાર છે?

સંવાદિતાની જાળવણી માટે અવધૂતજી સદા સાવધાન રહેતા.

એને લીધે તેઓ તરત વિચારે ચઢી ગયા.

બીજાના દોષો જોવાની ટેવને લીધે ખરાબ વિચાર આવે છે.

**માણસનું ચારિત્ર્ય સંગીતથી પૂર્ણ થાય છે.**

એટલે એ વિચારને દૂર કરવાનો સાચો ઉપાય છે પોતાના દોષનો-સ્વદોષનો વિચાર કરવાનો.

પૂ.અવધૂતજીએ પોતાના મનને પૂછ્યું કે "આ ગંજેરી બાવાઓ પાસે ગામના બે-ચાર યુવાનો આવે છે.

આ યુવાનો ગાંજો ભરીને ચલમ ફૂંકે છે.

એમને મજા-મસ્તી આવે છે.

આવી મજા-મસ્તી તારી પાસે આવનારને મળી શકશે?" તારી પાસે ગામના યુવાનો આવે છે?

આ પ્રશ્નનો જવાબ 'ના' હતો.

એટલે અવધૂતજીએ પોતાના મનને પાછું સમજાવ્યું કે: "ગામના આ યુવાનોની દૃષ્ટિથી તું નાલાયક ખરો કે નહિ?"

આ પ્રશ્નનો જવાબ 'હા' હતો.

તો એક નાલાયકને બીજાને નાલાયક કહેવાનો શો અધિકાર?

પોતાના દોષો જોતાં જ મન હળવું ફૂલ થઈ ગયું.

પૂ.બાપજી ઘસઘસાટ ઊંઘી ગયાં.

સવારે ઊઠ્યા ત્યારે સાધુઓ ન દેખાયા.

મંદિરના પૂજારીને પૂછ્યું કે બધા સાધુબાવા ક્યાં ગયા?

**ચારિત્ર્ય ઘડનારા પરિબળો બે: અવિરત શ્રમ અને ધીરજ.**

એ પૂજારીએ કહ્યું કે એ બધા મોડી રાત્રે અંદરોઅંદર ખૂબ ઝઘડ્યા અને મંદિર છોડી જતા રહ્યા.

અવધૂતજીને પોતાના શ્રીગુરુલીલામૃતમાં લખેલો દોહરો યાદ આવ્યો હશે:

> જેનામાં ગત જેટલી કરે તેટલું તેમ;
> ભિન્ન મતિ લોકો બધા સ્તવું નિંદુ કેમ?

(અ.૯ દો.૫૭)

●

# (૯)

# પ્રકૃતિ પર પ્રભુત્વ

કુદરતના નિયમોનું પાલન કરવામાં પૂ.અવધૂતજી માને.

કુદરતની સંવાદિતા જાળવવાનો પૂરો પ્રયત્ન કરે.

કોઈ ખરાબ વિચાર નહિ કરવાનો, કોઈનું મન વિંધાય એવી વાણી નહિ બોલવાની.

અને કોઈ અયોગ્ય કર્મ નહિ કરવાનું.

વિચાર, વાણી અને વર્તન દ્વારા કુદરતની સંવાદિતા જાળવવાની.

જે વ્યક્તિ સભાનપણે આ સંવાદિતા જાળવે છે તે પોતાના વ્યવહારમાં સાવધાનીપૂર્વક વર્તે છે.

**ચારિત્ર્યહીન બુદ્ધિ અધઃપતનનું કારણ છે.**

એનો કુદરત સાથે અતૂટ સંબંધ બંધાય છે અને એને પરિણામે કુદરત પણ આવી વ્યક્તિની ઈચ્છાને વશ વર્તે છે.

આવી વ્યક્તિનો પ્રકૃતિ ઉપર પ્રભાવ પડે છે.

પૂ.શ્રીની ૬૩મી રંગજયંતી પર બનેલો બનાવ છે.

ખેડા જિલ્લો. ઈ.સ. ૧૯૬૦નું વર્ષ.

એમાં ધર્મજ નામે એક ગામ.

ચૂસ્ત સ્વામીનારાયણ સંપ્રદાયના ભાઈએ રંગજયંતી ઉજવવાનું નક્કી કર્યું.

નવગ્રહોનો યજ્ઞ પણ રાખ્યો.

મહાપ્રસાદ માટેની બધી સામગ્રીની સાફસફાઈ પણ એ ભાઈના ઘરના માણસોએ જ કરી અને પવિત્રતાથી કરી.

કારતક સુદ ૧થી કારતક સુદ ૯ સુધી પૂ.શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજી- દાદાજી-ની રામાયણ ઉપર કથા અને સમાપ્તિના દિવસે સાંજે રંગજયંતીની ઉજવણી.

ધર્મજ ગામ એ સ્વામિનારાયણ સંપ્રદાયનું ગામ.

સ્વામિનારાયણના ભક્તોની સાથે દત્તભક્તો અને રામભક્તોનો ત્રિવેણી સંગમ થયો હતો.

વિશાળ મંડપમાં વિશાળ મેદની હતી.

રંગજયંતીની ઉજવણીનો અનેરો ઉત્સાહ.

**ચારિત્ર્ય જ માનવીની શ્રેષ્ઠ સંપત્તિ છે.**

મંડપ ખીચોખીચ ભરાયેલો હતો.
ભકતકવિઓ રંગપ્રશસ્તિ વાંચતા હતા અને વિદ્વાનો પોતાનો ભાવ વ્યકત કરતા હતા.
અવધૂતજી બધાને દર્શન થાય એ રીતે મંચ ઉપર બિરાજમાન હતા.
કાર્યક્રમ ચાલુ હતો ત્યાં અચાનક વા-વંટોળ શરૂ થયો.
આ વા-વંટોળ એવા પૂરજોશમાં ફૂંકાયો કે માંડવાને પણ હચમચાવી નાંખ્યો.
વંટોળનું જોશ વધે અને માંડવો કડડભૂસ થાય તો?
તો તો શોર્ટસર્કીટ થાય અને અકસ્માત જ થાય.
બધા ભકતોના મનમાં હલચલ મચી ગઇ.
ભકતોની ચિંતાને પારખી જનારા પૂ.અવધૂતજીએ કેવળ પોતાના ડાબા હાથની હથેલીને ગાદી ઉપર જ સહેજ ઊંચી કરી.
એમના મનના સંકલ્પને હથેલી દ્વારા વ્યકત થતો ભાગ્યે જ કોકે જોયો હશે.
પરંતુ એ અવધૂતની ઈચ્છાનો કુદરતે સ્વીકાર કર્યો.
એકદમ વા-વંટોળ બંધ થઇ ગયો.
મંડપ યથાવત્ થઇ ગયો.
વાતાવરણ પૂર્વવત્ બની ગયું અને ભકતોને હાશ થઇ.

**ચારિત્ર્યનો વિકાસ એ તમારી પ્રતિભાનો વિકાસ છે.**

સાચા સંતોનું પ્રકૃતિ સાથે તાદાત્મ્ય હોય છે.
પ્રકૃતિ ઉપર એમનો પ્રભાવ પડે છે અને પ્રકૃતિ ઉપર એમનું પ્રભુત્વ રહે છે.
અવધૂતજીએ પોતાની દિવ્યશક્તિ દ્વારા વા-વંટોળને શાંત કરી દીધો એ કોકે જોયું.
અને એનો લાભ એ મળ્યો કે આપણને આ જાણવા મળ્યું.
જોયું ને બાળકો! આપણે પ્રકૃતિના નિયમ પાળીએ તો એ પ્રકૃતિ પણ આપણી ઈચ્છાને અનુકૂળ થઈને વર્તે.

●

(૧૦)

## ✽ ચતુર્પુરુષાર્થ અંગેનું દિવ્ય ચિંતન ✽

પૂ. રંગ અવધૂતજી વિશિષ્ટ પ્રકારના સંત છે.
એમની વિચારધારા વ્યવહારુ છે.
જીવનમાં અમલમાં મૂકી શકાય એવી છે.
એમણે આચારમાં મૂક્યા પછી જ ઉપદેશાત્મક વિધાનો કહ્યા છે.
હિંદુધર્મમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થને સ્વીકાર્યા છે.

**બાળકના ચારિત્ર્યની ઘડવૈયા એની માતા છે.**

સંસારમાં અર્થ (પૈસો) અને કામ (લગ્નજીવન) બંને જરૂરી છે.
પૈસો કમાવવો ખોટો નથી.
અર્થ વગર જીવન વ્યવહાર ચાલે નહિ.
પરંતુ એનો અર્થ એવો નથી કે અર્થ (પૈસો) ગમે તે રીતે કમાવવો.
ધર્મથી, નૈતિક મૂલ્યો જાળવીને પૈસો કમાવવો અને એ કમાયેલો પૈસો નૈતિક મૂલ્યો જાળવીને વાપરવો.
જો ગાંડાની માફક પૈસા કમાવવા પાછળ પડીશું અને ગમે તેમ પૈસા વાપરીશું તો સમાજમાં ચોરી, લૂંટફાટ, કાળાબજાર અને દરોડા વગેરેનું જોર વધશે.
એ જ રીતે લગ્નજીવન પણ ધર્માનુસાર હોવું જોઇએ.
કામનો ઉપભોગ કરવાનો છે પણ કામી થઇને નહિ.
જો કામ પણ ધર્મમૂલક નહિ હોય તો સમાજમાં અપહરણ, બળાત્કાર, ક્ષયરોગ અને એઈડ્સ જેવા વિનાશક રોગો ફેલાશે અને સમાજનું સ્વાસ્થ્ય બગડશે.
પરંતુ અર્થ અને કામ બંનેનું નિયંત્રણ ધર્મ દ્વારા થાય એ જ ઈષ્ટ છે.
કાયદાની બીક દ્વારા થતું નિયંત્રણ કાયમી હોતું નથી.
બીક કરતાં સમજપૂર્વક સ્વીકારેલું નિયંત્રણ જ સમાજને ઉન્નત કરી શકશે.

**ચારિત્ર્ય માનવીની અંદર હોય છે, યશ તેની બહાર.**

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એવા ચાર પુરુષાર્થમાં ધર્મ પાયામાં હોવો જોઈએ. મોક્ષ એનું છાપરું હોવું જોઈએ. ધર્મના પાયા ઉપર ચણાયેલી અર્થ અને કામની આલીશાન ઈમારત પર મોક્ષનો કળશ ચઢાવવો જોઈએ. મોક્ષ એટલે કાયમની શાંતિ એવી સાદી વ્યાખ્યા પૂરતી છે.

રંગદાદાનું ચિંતન કેવું દિવ્ય છે!

•

## (૧૧)

## અજ્ઞાન : દુઃખનું મૂળ કારણ

માનવી માત્ર સુખની શોધમાં ફરે છે.

એને શાંતિ જોઈએ છે.

એ આનંદ માટે અહીં તહીં બધે ફરે છે.

પૂ.શ્રી કહે છે કે બરફનો ટૂકડો તરસ સંતોષવા માટે પાણી શોધે તો શું કહેવું?

માનવી પોતે જ આનંદ સ્વરૂપ છે.

એ સચ્ચિદાનંદ સ્વરૂપ છે.

પરંતુ આ વાત એ ભૂલી ગયો છે.

અવિદ્યાને કારણે- અજ્ઞાનને કારણે- એ પામર જીવ બનીને દુ:ખી થાય છે.

અજ્ઞાની જીવ એવું માને છે કે આનંદ વસ્તુમાં છે.

પૈસાથી વસ્તુ ખરીદી શકાય. પરંતુ આનંદ નહિ.

પૈસાથી સારી પથારી ખરીદી શકાય પણ ઊંઘ નહિ.

પૈસાથી સારું ભોજન મેળવી શકાય પણ ભૂખ નહિ.

પરંતુ સાચી વાત સમજવામાં અજ્ઞાની જીવને બહુ સમય લાગે છે અને તે દુ:ખી દુ:ખી થઇ જાય છે.

વસ્તુમાંથી મળતો આનંદ કાયમી નથી, ક્ષણ પૂરતો છે.

બીજું, વસ્તુમાંથી આનંદ મળે છે એ ભ્રમ છે, સત્ય નથી.

આનંદ તો વ્યક્તિના અંતરમાં છે પણ વસ્તુમાંથી આનંદ મળે છે એવા ભ્રમમાં તે જીવે છે.

વસ્તુમાંથી મળતો આનંદ એ પરતંત્ર છે.

વસ્તુ હોય તો આનંદ મળે.

વસ્તુ ના હોય તો આનંદ ના મળે.

આવા ક્ષણિક, પરતંત્ર અને આભાસી આનંદનું મૂળ અજ્ઞાન છે.

કાયમની શાંતિ જોઈતી હોય તો શું કરવું?

**સારા ચારિત્ર્યની સૌરભ આપોઆપ પ્રસરે છે.**

હંમેશ માટે આનંદમાં રહેવું હોય તો શું કરવું?
વ્યક્તિએ અજ્ઞાન દૂર કરવું.
પૂ.શ્રી એવું નથી કહેતા કે જ્ઞાન મેળવવું.
જ્ઞાન તો અંતરમાં છે જ પણ એના ઉપર અજ્ઞાનનું આવરણ છે તે દૂર કરવાનું છે.
સાચા સદ્‌ગુરુની સેવા દ્વારા ચિત્તશુદ્ધિ થશે.
સેવાથી રીઝીને સદ્‌ગુરુ આશીર્વાદ આપશે એટલે અજ્ઞાન દૂર થશે.
દુ:ખનું મૂળ કારણ અજ્ઞાન દૂર થતાં જ પછી સુખ, સુખ ને સુખ જ રહેશે.

●

# (૧૨)

# તર્કબદ્ધ વિચારધારા

પૂ.શ્રી રંગ અવધૂતજી શિક્ષિત અને વિશિષ્ટ પ્રકારનાં સંત હતા. પોતે જે કાંઈ કરતાં તે વિચારપૂર્વક કરતાં. એમની વિચારવાની અને જવાબ આપવાની રીત તદ્દન નોખી અને ન્યારી જ હતી.
એક ભાઈએ પૂ.શ્રીને પૂછ્યું: આપ કહો છો કે ભગવાન દત્ત એ વિષ્ણુનો અવતાર છે તો પછી પ્રચલિત

**વાણીનું આભૂષણ ઉત્તમ છે તે કદી ઘસાતું નથી.**

વિષ્ણુસહસ્રનામમાં દત્તનું નામ કેમ નથી?
વિષ્ણુસહસ્રનામ એટલે ભગવાન વિષ્ણુના એક હજાર (સહસ્ર) નામ.
વિષ્ણુસહસ્રનામ દ્વારા ભીષ્મ અને યુધિષ્ઠિર વચ્ચેના સંવાદમાં ભીષ્મે કહેલા હજાર નામનું સૂચન છે.
બાળકો! હવે જુઓ જવાબ.
જુઓ જવાબ પાછળની તર્કબદ્ધતા.
પૂ.શ્રીએ કહ્યું કે કોઇ પણ શાસ્ત્રીય વચનનો અર્થ કરતી વખતે કેવળ અક્ષરાર્થ નહિ જોવાનો.
એ વચનનો આશય પણ જોવાનો અને આશયને વધારે મહત્ત્વ આપવાનું.
'વિષ્ણુ' શબ્દનો સંકુચિત અર્થ નહિ કરવાનો.
વિષ્ણુ એટલે વિશ્વની બધી વસ્તુ- જડ ચેતન-માં અંદર બહાર વ્યાપીને રહેલું તત્ત્વ.
'સર્વં વિષ્ણુમયં જગત્' એ આ અર્થને જ સ્પષ્ટ કરે છે.
બીજું હજાર એટલે એકડો (૧)ને ત્રણ મીંડા (૦૦૦) નહિ.
પણ એક હજાર એટલે અસંખ્ય એવો અર્થ કરવાનો.
વિષ્ણુ ભગવાનના અસંખ્ય નામોમાંથી જે એક હજાર નામો કહ્યા એ સિવાયના બીજા નામો પણ છે.

**પાણી તેવી વાણી. અન્ન તેવું મન.**

એ બધા નામો વિષ્ણુસહસ્રનામમાં નથી.

દા.ત. મુરલીધર, રણછોડરાય, શ્યામ જેવા વિષ્ણુના નામો વિષ્ણુસહસ્રનામમાં નથી.

હવે વિષ્ણુસહસ્રનામમાં આવતા કેટલાક નામો ભગવાન દત્તાત્રેયનો નિર્દેશ કરે જ છે.

એ નામો આ પ્રમાણે છે:

રુદ્ર, બહુશિરા [અનેક (ત્રણ) મસ્તકોવાળા], અનઘ, ગુરુ, ગુરુતમો, બ્રાહ્મણો, અનેકમૂર્તિ, ઉદુંબર વગેરે.

વળી કેટલાક ચુસ્ત વૈષ્ણવો આ પ્રચલિત વિષ્ણુસહસ્રનામને સ્વીકારતા નથી.

એ જે સ્વીકારે છે તે પુરુષોત્તમસહસ્રનામમાં દત્તાત્રેયના નામનો સ્પષ્ટ ઉલ્લેખ છે.

દત્તાત્રેયો યોગપતિર્યોગમાર્ગપ્રવર્તકથી શરૂ થતો શ્લોક છે.

પદ્મપુરાણના ઉત્તરખંડના ૭૧મા અધ્યાયમાં ઉમાપતિ (શંકર) - નારદ સંવાદરૂપે આપેલા વિષ્ણુસહસ્રનામમાં પણ ભગવાન દત્તાત્રેયનો ઉલ્લેખ છે.

વહાલા બાળકો! રંગદાદાનો જવાબ કેવો તર્કબદ્ધ હતો? એમની દૃષ્ટિ, વિચારવાની ઢબ જ કેવી વિશિષ્ટ હતી?

**કઠોર વાણી બાધક, મીઠી વાણી સાધક.**

સાચા સંત શંકાનું સમાધાન એવી રીતે કરે કે વાત ગળે ઉતરી જાય.

આ વાત તમારા ગળે ઉતરી ને?

●

## (૧૩)

## બાળક બનો. આનંદ કરો.

પૂ.રંગદાદાને બાળકો ખૂબ ગમે.

એવું પણ કહે કે મને બાળકો વચ્ચે રહેવા દો તો મારી તબિયત સરસ થશે.

એનું કારણ શું?

એનું કારણ એ કે બાળક નિર્દોષ હોય.

બાળક દંભ વિનાનું હોય. એ જેવું હોય તેવું જ દેખાય.

નાનું બાળક બધાને વહાલું લાગે.

દુશ્મનને પણ એના પ્રત્યે આત્મીયભાવ- પ્રેમભાવ જાગે. આ નાના બાળકને કંઈ ચિંતા ખરી?

ના ભાઈ, ના.

એની ચિંતા એની 'મા'ને હોય.

એની ચિંતા એના પિતા કરે.

તો બાળકે શું કરવાનું?

**માણસની વાણી એની જાતિ અને કુળનું પ્રમાણ આપે છે.**

બસ! એણે તો મોજ-મસ્તી કરવાની- આનંદ કરવાનો.
તો રંગદાદા બધા મોટા-નાનાને શિખામણ આપે છે.
શું શિખામણ?
તમે બધા ભગવાનના બાળક બનીને જીવો.
તમે શરીરથી ભલે મોટા બનો પણ મન તો નાના બાળક જેવું રાખો.
આ હું કરું છું એવો અહંભાવ નહિ રાખવાનો.
આ અહંભાવ જ બંધનકારક છે- દુ:ખકારક છે.
તમે કોણ છો એ ખબર છે?
તમે પરમેશ્વર પિતાના પુત્ર છો.
વિશ્વંભર પરમાત્માની તમારા પર છાયા છે.
અને તે પણ ઐશ્વર્યભરી છાયા. તમે ખુદ બાદશાહ છો.
ભગવાનના રાજકુમાર છો, રાજા બનો.
રાજા કોઈ દિવસ કોઈ પાસે ભીખ માગે કે?
ન માગે ને?
તો તમે પણ કોઈની પાસે માગણ થઈને ઊભા રહેશો નહિ. જગતમાં માગનારની કશી કિંમત નથી.
અરે! જગદીશના મનમાં પણ માગનારની કિંમત નથી.
વહાલા બાળકો! નાનપણથી જ મનમાં ખુમારી રાખજો.
મરવાનું પસંદ કરવું પણ માગવાનું નહિ.

**મીઠી વાણીથી કોયલ જગતને જીતી લે છે.**

પરમેશ્વર જેનો પિતા હોય તેના પુત્રને શાની ચિંતા?
ઉંમરમાં ભલે વધો પણ મન તો નાના બાળક જેવું જ રાખવું. નિર્દોષ અને નિર્દંભ.
બાળક બનો- આનંદ કરો.

●

## (૧૪)

# દેવના દર્શન પાછળની દિવ્ય દૃષ્ટિ

એક સમજવા જેવું વાક્ય છે:
Winners do not do different things. They do things differently.
જેને બધા મોટા માણસો ગણે તે સામાન્ય માણસ જેવા જ હોય. બધાની જેમ ઊઠે. દાતણ કરે. સ્નાન કરે. પોતાની સાધના કરે. ભોજન કરે અને સૂઈ જાય.
પરંતુ એ કર્મ કરવા પાછળની એમની દૃષ્ટિ સામાન્ય માણસ કરતાં જુદી હોય, દિવ્ય હોય.
જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ.
તમારી દૃષ્ટિ વિધેયક (Positive) હશે તો તમને આનંદ જ મળશે.
આનંદ મનની વિચારધારાની દેન છે.

**બોલતા પહેલા બે વાર વિચાર કરો.**

પૂ. રંગદાદા કિશોર હતા ત્યારથી ડાકોર જતાં.
ડાકોરના ઈષ્ટદેવ રાજા રણછોડરાય.
એ રાજા મહારાજા કહેવાય એટલે રણછોડરાયનો ઠઠારો પણ રાજા-મહારાજા જેવો.
માથે સોનાનો મુગટ પહેરે અને જરકસી જામા પહેરે.
કોઈ વાતે કમી નહિ.
માખણ-મિસરી ખાય.
લલાટે ચંદન શોભે.
હાથમાં રાખેલી વાંસળી મુખે રાખી વાંસળી પણ વગાડે.
ફૂલોના હાર- પુષ્પમાળાનો પાર નહિ.
એના ચરણોમાં તુલસી પધરાવાય.
રણછોડરાયનો શણગાર એટલે દબદબાભર્યો શણગાર.
રણછોડરાયની મૂર્તિના અને એના શણગારના આપણે દર્શન કરીએ ત્યારે એમાં બાહ્ય દૃષ્ટિથી દેખાય એ ભવ્યતાના દર્શન કરીએ અને રંગદાદા કેવી રીતે દર્શન કરે? એમની દિવ્ય દૃષ્ટિ કેવી હોય?
ઇ.સ. ૧૯૫૮માં એમની ૬૧મી જયંતી ડાકોરમાં ઉજવાયેલી.
આ પ્રસંગે એમણે દેવના દર્શન પાછળની દિવ્ય દૃષ્ટિનો પરિચય કરાવતા શું કહ્યું તે ખબર છે?

**વાણીથી વિવેક અને સત્ય પ્રગટે છે.**

એમણે કહ્યું કે તમે તમારા જીવનમાં માખણ જેવી મૃદુતા-કરુણા કેળવો. અને તમારા વર્તનમાં મિસરી (ખાંડ) જેવી મીઠાશ ભરી દો.

કરુણા અને પ્રેમભાવથી તમારું જીવન ઓતપ્રોત કરી દો એવું માખણ અને મિસરીનો પ્રસાદ સમજાવે છે.

ભગવાનનો સોનાનો મુગટ શું શીખવે છે?

તમારા જીવનને સંયમરૂપી અગ્નિમાં તપાવીને પરિશુદ્ધ બનવા દો.

સોનું અગ્નિમાં તપે છે અને શુદ્ધ બને છે તેમ.

બીજા માટે ઘસાઈ છૂટો એવું ચંદન સમજાવે છે.

ત્યાગ દ્વારા તમારું જીવન સુગંધિત કરો અને એની સુગંધ ચારે દિશામાં ફેલાવો.

જેમ વાંસળી સાંભળવી ગમે અને સાંભળનાર ઘડીભર દુ:ખ ભૂલી જાય તેમ તમે પણ અહંકાર વિનાની મીઠી વાણી બોલો અને એ દ્વારા દુ:ખ અને ચિંતામાં શેકાતાં લોકોને શાંતિ પમાડો, એના જીવનમાં ઉલ્લાસ પ્રગટાવો.

પુષ્પમાળાના પુષ્પ જેવું તમારું જીવન, તમારું અંતર નિર્મળ અને પ્રફુલ્લિત બનો.

**થોડું બોલો, મોડું બોલો, મીઠું બોલો.**

પ્રભુના ચરણમાં પડેલી તુલસીના જેવા વિનમ્ર બનો અને જેમ તુલસીનું સેવન તંદુરસ્તી વધારે છે અને બળ આપે છે તેમ તમે પણ જગતને સ્વસ્થ બનાવો, બળવાન બનાવો.

જેમ પથ્થર ટાંકણા સહન કરી કરીને મૂર્તિ બને છે તેમ તમે પણ લોકોનાં મહેણાં-ટોણાં સહન કરો અને ઝંઝાવાતોમાં પણ અડગ ઉભા રહો.

દેવના દર્શન પાછળની કેવી દિવ્ય દૃષ્ટિ?

આવી દૃષ્ટિ આવી જાય પછી દુ:ખ આવે ખરું?

બીજાને સુખી કરવાની ભાવનાવાળી વ્યક્તિ, ત્યાગ અને સેવાની મૂર્તિ સમી કોઇ પણ વ્યક્તિ પછી જ્યાં જાય ત્યાં આનંદ આનંદ.

એક સરસ વાક્યથી વાત પૂરી કરીએ:

કેટલાક માણસો એવા હોય છે કે એ **જ્યાં જાય** ત્યાં આનંદ આનંદ અને કેટલાક માણસો એવા હોય છે કે એ **જ્યાંથી જાય** ત્યાં આનંદ આનંદ.

●

# (૧૫)

# ધર્મ એટલે શું?

પૂ. રંગ અવધૂતજીની ૬૩મી જયંતી.
સને ૧૯૬૦ એટલે કે સંવત ૨૦૧૭માં ઉજવાઇ.
આ જયંતી ધર્મજમાં ઉજવાઇ.
ધર્મજ મુકામે ધર્મની પૂ.શ્રીએ વ્યાખ્યા આપી.
પૂ.શ્રીએ ધર્મનો અર્થ સમજાવ્યો.
પૂ. અવધૂતજીએ કહ્યું કે ધારયતીતિ ધર્મ: ।
જે વ્યક્તિને ને સમાજને ધારણ કરી રાખે તે ધર્મ.
જે સમાજને છિન્નભિન્ન થતો અટકાવે તે ધર્મ.
જે સમાજને અધ:પતનમાંથી બચાવે અને ઉર્ધ્વગામી કરે તે ધર્મ.
પૂ. અવધૂતજીએ ધર્મને આચરણ સાથે સાંકળી લેતાં જણાવ્યું કે: નીતિ કે અધ્યાત્મનું આચરણ- મન, વચન અને કર્મથી, શરીર-પ્રાણ-ઇંદ્રિયોથી અધ્યાત્મનું પ્રગટ થવું, આચરણમાં ઉતરવું એટલે જ ધર્મ.
શરીર ક્ષણભંગુર છે એ સાચું પરંતુ પ્રાણ કે આત્મા એના વિના કંઇ જ કરી શકવાના નથી.

વિશ્વાસ જીવન છે, સંશય મૃત્યુ છે.

ધર્મનું કલેવર (શરીર)ન હોય તો નીતિ કે અધ્યાત્મની વાતો કંઈ જ ધોળવાના નથી.

ધર્મ, નીતિ અને અધ્યાત્મ સાથે સાથે જ રહેવા જોઈએ.

ધર્મને નીતિ કે અધ્યાત્મથી જુદા પાડીએ તો?

તો એ નીતિ કે અધ્યાત્મ કેવળ કલ્પનામાં જ રહેવાના.

ધર્મમાં ઝઘડાને સ્થાન જ નથી.

અહિંસા, સત્ય, દયા, દાન, જપ, તપ, શૌચ, સ્વાધ્યાય ક્ષમા વગેરેનું આચરણ એટલે જ ધર્મ.

સાચો સંત આ સદ્‌ગુણોને જીવનમાં આચરી બતાવે છે.

એમનો આચાર એ જ ઉપદેશ હોય છે.

આ અર્થમાં એમનું જીવન ધર્મમય હોય છે.

વ્હાલા બાળકો! ધર્મને સાચા અર્થમાં સમજજો અને પછી એને જીવનમાં ઉતારજો.

ધર્મનો સાચો અર્થ સમજનાર ઝઘડા કરતો નથી.

જાણેલું કામ નહિ આવે, જીવેલું જ કામ આવશે.

•

વિશ્વાસે વહાણ ચાલે.

## (૧૬)

## ‘દત્ત’ની ઉપાસનાનો અર્થ

દત્ત એટલે પરાર્થે સર્વસ્વ આપી દેનાર.

એ તો આપવામાં જ સમજે. આપીને રાજી થાય.

આપ્યા પછી પણ જે વધે તે પહેલાના જેટલું જ જણાય.

આમ દત્ત એટલે પોતાની જાત સુદ્ધાં આપી દેનાર.

પૂ.શ્રી કહે છે કે દત્તના ભકતને કાંઇ લેવાનું હોય જ નહિ. જે પોતાની પાસે હોય કે આવી મળે તેનું પરાર્થે દાન જ કરવાનું હોય.

આ આપી દેવાનું કાર્ય પણ અપેક્ષા વિના કરવાનું.

જો દરેક વ્યક્તિ નિષ્કામ ભાવે બીજાને આપી દેવાની વૃત્તિ રાખે તો દુનિયામાં દુ:ખ રહે ખરું?

ઉણપ, કમીના, ઝઘડો કે અશાંતિ રહે ખરા?

બીજાની આંતરડી ઠરે એવું કર્મ કરીએ એ જ સાચું ઇશ્વરપૂજન છે.

પૂ.શ્રીએ (યાજ્ઞવલ્કયમુનિ રચિત) શ્લોક કહ્યો:

યેન કેન પ્રકારેણ યસ્ય કસ્યાપિ દેહિન: ।
સંતોષં જનયેત્ પ્રાજ્ઞસ્તદેવેશ્વર પૂજનમ્ ।।

આપણને પ્રભુ તરફથી મળેલી કોઇ પણ ચીજ-શક્તિ દ્વારા કોઇ પણ પ્રાણીની આંતરડી ઠારવી ને એ રીતે

**વિશ્વાસની શક્તિ રેતીને ખાંડમાં ફેરવી શકે છે.**

જનતા જનાર્દનની સેવા કરવી એ જ સાચું ઈશ્વરપૂજન છે.
એવો આ શ્લોકનો અર્થ છે.
પ્રભુએ દરેકે દરેક વ્યક્તિને બીજાની સેવા કરવા માટે કંઈને કંઈ શક્તિ તો આપી જ છે.
પ્રશ્ન શક્તિનો નથી, પણ વૃત્તિનો છે.
વૃત્તિ હશે, વલણ હશે તો વ્યક્તિ બીજા માટે કંઈને કંઈ કરી શકશે જ.
બીજાનું ભલું થાય એવો સંકલ્પ કે પ્રાર્થના કરીએ તો તે પણ સેવા જ છે. આટલું તો બધા કરી શકેને!

●

## (૧૭)

## સમાજના ઋણનો સ્વીકાર

માણસ એક સામાજિક પ્રાણી છે.
એ કેવળ પુરુષાર્થ અને પ્રારબ્ધના જોરે જ જીવતો નથી.
એની પ્રગતિમાં સમાજની અનેક વ્યક્તિની મદદ છે.
આપણને જીવવામાં, સારી રીતે જીવવામાં જેમણે જેમણે મદદ કરી હોય તે બધાનું આપણા માથા પર ઋણ છે અને આ ઋણનો માનવીએ સ્વીકાર કરવો જોઈએ.

વ્યક્તિએ કૃતજ્ઞી થવું જોઇએ, કૃતઘ્ની નહિ.
જો સમાજનું મારા માથા પર ઋણ હોય તો એ ઋણ મારે સ્વીકારવું જોઇએ.
એકલું સ્વીકારીએ તે પૂરતું નથી.
એ ઋણ ચૂકવવાનો પ્રયત્ન થવો જોઇએ.
આ ઋણ - સ્વીકારની વાત પૂ. અવધૂતજી સમજાવે છે.
આ વાત બરાબર સમજવાની છે અને પછી એને અમલમાં મૂકવાની છે.
પૂ. બાપજી આ વાતને સમજાવવા માટે એક નાનું દૃષ્ટાંત આપે છે અને એક નાના કાર્યમાં કેટલા બધાની મદદ મળે છે તે વાત સ્પષ્ટ કરે છે.
આ વાત પૂ.શ્રીએ ઈ.સ. ૧૯૬૮માં એમની છેલ્લી-૭૧મી-જયંતીના પ્રવચનમાં કરી છે.
તેઓ કહે છે કે તમે આ દીવો કર્યો.
એ દીવો કરીને એમ માનો છો કે મેં આ બહુ પુણ્ય કર્યું.
હું એક માટીના કોડિયાના દીવાની વાત કરું છું.
તમે જે આ દીવો કર્યો તેમાં માટી ખોદનારનો પણ હિસ્સો છે.
કોડિયા બનાવનાર કુંભારનો પણ હિસ્સો છે.
કોડિયા બજારમાં લાવનાર ગધેડાનો પણ હિસ્સો છે.

તમે રૂની દિવેટ કરી તો એમાં કપાસ વાવનારનો પણ હિસ્સો છે. પીંજનારનો પણ હિસ્સો છે.
દિવેટ બનાવનારનો પણ હિસ્સો છે.
હવે એની અંદર ઘી પૂર્યું.
તો એમાં ગાયનો પણ હિસ્સો છે.
ગાયને ઘાસ ખવડાવનારનો પણ હિસ્સો છે.
આ તો પૂ.શ્રીએ મુખ્ય મદદકર્તાની વાત કરી.
જો ઝીણવટથી ચર્ચા કરો તો?
તો મદદકર્તાની લાંબી લાઇન લાગી જાય.
ઘાસ ઉગાડનાર, કાપનાર, લાવનાર પણ ઉમેરાય.
ગાયનું દૂધ દોહનાર, દહીં જમાવનાર, વલોવનાર અને ઘી બનાવનારનો પણ હિસ્સો છે.
પછી તો દહીંના વલોણા માટેના સાધનો બનાવનાર પણ આવે અને ઘી વેચનાર પણ આવે.
ટૂંકમાં આપણે અત્યારે જે છીએ તે અનેક લોકોની સહાય લઇને બન્યા છીએ.
એટલે આપણને જે મળે તે આપણા એકલાના પ્રારબ્ધનું નથી. એની અંદર હજારો લોકોનું પ્રારબ્ધ રહેલું છે.
આ ઋણનો સ્વીકાર કરીને આપણાથી બને તે રીતે એ બધાને મદદ કરવી, સહાય કરવી એ એક મોટો યજ્ઞ છે.

**સત્યને ટકવા માટે કોઇના આધારની જરૂર નથી.**

અને એ જ ઋણનો સ્વીકાર પણ છે અને ઋણને ફેડવાનું પગલું છે.
પૂ. અવધૂતજી કહે છે કે તમે બધા આ અર્થમાં યજ્ઞ કરનારા થાઓ. સમાજનું ઋણ અદા કરનારા થાઓ.

•

## (૧૮)

# જેવી કરણી તેવી ભરણી

દક્ષિણ ગુજરાતમાં અમલસાડ નામનું રેલ્વે સ્ટેશન.
અમલસાડથી બે ત્રણ કિલોમીટર દૂર એક નાનું ગામ.
ગામનું નામ ધમડાછા.
આ ધમડાછામાં અમૃતભાઈ વશી અને સુમનભાઈ વશી એમ બે ભાઈઓ રહે. તેમની કેરી અને ચીકુની વાડી.
આ વાડીમાં પૂ.શ્રીનો મુકામ.
પોતાની વાડીમાં મુકામ હોવા છતાં આ બન્ને ભાઈઓ પૂ.શ્રીની મર્યાદા જાળવે.
દર્શન કરવા જાય. પણ પૂ.શ્રીને પોતાના વ્યવહારથી તકલીફ ન પડે એની કાળજી રાખે.

**સત્યની સાચી જગા હૃદયમાં છે, મોઢામાં નહિ.**

પૂ.શ્રી સાંજે ફરવા નીકળે. સાથે સેવક હોય અને ગામના બે-ચાર પ્રતિષ્ઠિત વ્યક્તિઓ હોય.

પૂ.શ્રી એક સિદ્ધ પુરુષ છે તેથી પોતાના દુ:ખના નિવારણ માટે લોકો દર્શને આવે.

એક વાર ફરતાં ફરતાં પૂ.શ્રીએ કહ્યું કે મારી પાસે એવી શક્તિ નથી કે લોકોને જે જોઈએ તે મારી ઝોળીમાંથી આપું.

પોતાના પ્રારબ્ધાનુસાર લોકોને સુખ દુ:ખ મળતા હોય છે.

આવું સાંભળીને એક સ્પષ્ટ વકતા -આખા બોલા- ભક્તે કહ્યું કે બાપજી! જો અમારે અમારું પ્રારબ્ધ જ ભોગવવાનું હોય તો પછી તમારી પાછળ પાછળ આ ટાંટિયા તોડવાનો શો અર્થ?

ટૂંકમાં પૂ.શ્રી જોડે ફરનારાના હૃદયમાં પણ કંઈ લાલચ તો હતી જ.

પોતાને સુખ મળે અને પોતાના દુ:ખ ટળે એવી લાલચ.

પૂ.શ્રી એ કહ્યું : જુઓ! તમે જુગારી સાથે બેસશો તો જુગાર રમતા શીખશો.

દારૂ પીનારા સાથે બેસશો તો દારૂ પીતા શીખશો.

અમારા જેવા સંત સાથે ફરશો અને સારી વાતો સાંભળશો તો તમે સારા વિચાર કરશો.
સારા વિચાર કરશો તો તમે સારા કામ કરશો.
અને સારા કામ કરશો તો તમને એનું ફળ પણ સારું જ મળશે.
સુખ એ સારા કર્મનું જ ફળ છે. જેવું કરશો તેવું ભરશો.
વાવશો તેવું લણશો.
'કર અને પામ' એ કુદરતના નિયમને સમજી સારા અને સાચા કર્મો કરો.
સાચા સંત જીવન પ્રત્યેની સાચી દષ્ટિ આપે છે.

●

## (૧૯)

## ધાર્યું હરિનું થાય

ઈશ્વરલાલ શેઠ નામે એક ભક્ત.
વડોદરામાં રહે.
સિવિલ જજ તરીકેની નોકરી.
વડોદરાથી નારેશ્વર પાસે એટલે વરસમાં બે-ત્રણ વાર પૂ.શ્રીના દર્શને જાય.
પૂ.શ્રીમાં પૂરી શ્રદ્ધા. પરિચય પણ સારો.

**સત્યને કારણે દુઃખ પડે તો પણ સત્ય ક્યારેય છોડશો નહિ.**

એમને એક દીકરો.

બિધન એનું નામ. વડોદરા એમ. એસ. યુનિ. માં ભણે.

ભણવામાં હોશિયાર.

બી.એસ.સી.(B.Sc.)ની પરીક્ષા ફિઝિક્સ અને મેથેમેટિક્સ સાથે પ્રથમ વર્ગમાં પસાર કરી.

બિધન ભણવામાં તેજસ્વી એટલે ઈશ્વરભાઈએ એને એન્જિન્યરીંગમાં દાખલ કરવા વિચાર્યું.

ગુણવત્તાના ધોરણે પ્રવેશ પણ મળી ગયો.

ઈશ્વરભાઈ બિધનને લઈને નારેશ્વર ગયા.

પૂ.શ્રીના દર્શને જતાં જ પૂ.શ્રીએ પરિણામ જાણીને પૂછ્યું કે કેમ બિધન! હવે એમ.એસસી (M.Sc.) થવાનોને?

ઈશ્વરભાઈ તો સાંભળી જ રહ્યા.

બિધનને તો એન્જિન્યરીંગમાં પ્રવેશ પણ મળી ગયો હતો છતાં તેઓ કશું બોલ્યા નહિ.

બાપ દીકરો વડોદરા પાછા ફર્યા.

બિધનના એક પ્રોફેસર ડૉકટર પંડ્યાએ ઈશ્વરભાઈને જોયા. એમને પોતાના ઘરે બોલાવ્યા.

બિધનના આગળના અભ્યાસ માટે પૂછ્યું.

ઈશ્વરભાઈએ કહ્યું કે એને એન્જિન્યર બનાવવો છે અને

**સમય ખૂબ કિંમતી છે પણ સત્ય તો એનાથી પણ કિંમતી છે.**

મેરીટ લિસ્ટમાં નામ આવી ગયું છે.
પ્રો. પંડ્યાને આ વાત ન ગમી.
એન્જિન્યર કરવામાં ઇશ્વરભાઇની વાણિયાબુદ્ધિ દેખાઇ.
પ્રો.પંડ્યાએ પોતાની નારાજગી વ્યકત કરી.
બિધનને એમ.એસસી. કરવાની સલાહ આપી.
સંશોધન ક્ષેત્રે એની પ્રતિભા વિકસે એમ છે એમ પણ જણાવ્યું.
બિધનને નકકી કરવા જણાવ્યું.
બિધન નક્કી કરે તે પહેલાં જ પ્રો. પંડ્યાએ બિધનનું નામ એમ.એસસી.ની પ્રવેશયાદીમાં જાહેર કરી દીધું.
બિધન M.Sc. Ph.D. થયો.
પરદેશ ગયો અને સંશોધન ક્ષેત્રે નામના પણ પામ્યો.
પૂ.શ્રીએ પૂછેલું કે કેમ બિધન! એમ.એસસી. થવાનો ને? તે સાચું પડ્યું.
રંગદાદા બોલે એટલે એ પ્રમાણે થાય જ.

●

ક્ષમા એ વીરનું આભૂષણ છે.

## (૨૦)

## ભડકેલા બળદને બોલાવી બતાવ્યો

સાયર નામે નાનું ગામ.

નારેશ્વરની બાજુમાં આ ગામ આવેલું છે.

એમાં કાયમભાઈ રહે.

જાતે મુસલમાન પણ રંગદાદાને જ પોતાના અલ્લાહ ગણે.

હિંદુની જેમ જ જીવે.

પૂ.શ્રીના દર્શને જતા પહેલા નર્મદામાં સ્નાન કરે.

ધોયેલા વસ્ત્રો પહેરીને પૂ.શ્રી પાસે જાય.

પૂ.શ્રીની સેવા કરવાનો એમને સારો લાભ મળેલો.

પૂ.શ્રીની ટપાલ લઈ આવે, ઝાડપાનને પાણી પાય.

પછી તો ચાર પાંચ વર્ષ સુધી બાપજી માટે શાકભાજી લઈ આવવાની સેવા મળી.

એક વખતની વાત છે.

પૂ. બાપજીએ પાલેજથી ગાડીમાં જવાનું હતું.

નારેશ્વરથી પાલેજ ગાડામાં જવાનું હતું.

ગાડું હાંકવાની સેવા કાયમભાઈને મળી. એ તો ખુશ ખુશ થઈ ગયા.

**ક્ષમા એ પ્રેમનું સંતાન છે.**

પૂ.શ્રીનું ગાડું હાંકવાનું મળે એ કેવું સદ્ભાગ્ય ગણાય! પાલેજ બે કિલામિટર જેટલું દૂર હતું અને પૂ. બાપજીએ ગાડું ઊભું રખાવ્યું.

પોતે ગાડામાંથી નીચે ઉતર્યા અને કહ્યું: "બળદ છોડી મૂક."

કાયમભાઈએ જેવા બળદને છોડ્યા કે એક બળદ ભડક્યો. બળદ ભડકીને ભાગી ગયો.

કાયમભાઈ તો ખૂબ ગભરાઈ ગયા.

હવે શું કરવું? ભાગેલા બળદને પકડવો કેવી રીતે?

કાયમભાઈ વિચારે ચઢ્યા.

એમણે બાપજીને કહ્યું: "બાપજી! આ શું થયું? બળદ તો ભાગી ગયો."

બાપજીએ કહ્યું તું ચિંતા શું કામ કરે છે?

જો હું એને બોલાવું.

આમ કહીને બાપજીએ એમનો હાથ ઊંચો કર્યો અને મોટેથી બૂમ પાડી: "એ અવધૂતિયા! આવી જા." અને નવાઈની વાત તો એ કે એ ભડકેલો બળદ આવી ગયો અને ગાડે જોતરાઈ ગયો.

પૂ.શ્રીનું પ્રાણીમાત્ર પર કેવું પ્રભુત્વ હતું! કાયમભાઈ તો દંગ થઈ ગયા.

**ભૂલી જાવ અને ક્ષમા કરો.**

પૂ.શ્રી હસવામાં કહેતા કે બળદ એટલે જે બળ આપે તે. આપણે પણ જીવનને દૈવી સંપત્તિથી ભરી દઈએ તો પ્રાણી અને પ્રકૃતિ ઉપર આપણો પ્રભાવ પડે, આપણું પ્રભુત્વ રહે.

•

## (૨૧)

## ભક્તની ફિકરમાં ફરનાર

પોર ગામ પાસે વરણામા નામનું નાનું ગામ.

આ ગામમાં ચંદનબેન પાઠક નામના ભક્ત રહે.

વરણામામાં સમૂહ પારાયણ થયા ત્યારે પૂ.શ્રીના પહેલીવાર દર્શન થયાં.

પહેલી વારના દર્શને જ એમને ગુરુ માની લીધા અને પછી નારેશ્વર જઈ દર્શન કર્યાં.

ધીરે ધીરે પૂ.માજીની સેવાનો લાભ મળ્યો એટલે પૂ.શ્રીની નજીક આવ્યા.

સંસાર એટલે જ પ્રશ્નોની હારમાળા.

મૂંઝવણ તો ડગલે ને પગલે ઊભી થાય.

એક વાર બાપજીએ કહ્યું કે તમે વરણામા છોડી દો. વરણામા છોડો અને વડોદરા જાવ.

**ક્ષમાથી ચઢિયાતું બીજું કોઈ તપ નથી.**

તમારી બધી જવાબદારી મારી છે.
પૂ.શ્રીએ અભયવચન આપ્યું.
સંજોગો જ એવા ઊભા થયા કે વરણામા છોડવું જ પડ્યું.
અને આખરે વરણામા છોડી ચંદનબેન વડોદરા આવ્યા.
મનમાં પૂ.શ્રીનું સ્મરણ તો ચાલતું જ હતું.
પરંતુ વડોદરામાં રહેવું ક્યાં?
બાપજીને જઈને વાત કરી કે બાપજી! વડોદરા તો ગઈ પણ મકાનનું શું કરું?
પૂ.શ્રીએ કહ્યું: "તું શું કામ ચિંતા કરે છે? એ તો બધું થઈ રહેશે." પૂ.શ્રીએ ધરપત આપી.
મન શાંત થયું. હૃદયમાં શાંતિ થઈ.
દર્શન કરીને વડોદરા આવ્યા તો રંગ પરિવારના એક ભક્ત મળવા આવ્યા.
એમણે પોતાના મકાનની ચાવી ચંદનબેનના હાથમાં મૂકીને કહ્યું: "આ તમારું જ મકાન છે એમ સમજીને રહો."
પૂ.શ્રીએ કહેલું કે તમારી સંપૂર્ણ જવાબદારી મારી છે તે વાત એમણે પાળી બતાવી.
મહાપુરુષોની શક્તિને સામાન્ય સંસારી કેવી રીતે સમજી શકે?

●

**ક્ષમા આપવી ઉત્તમ છે, પણ એ ભૂલી જવી સર્વોત્તમ છે**

# (૨૨)

## તલવારથી ઘાસ કાપવાનું છે?

સને ૧૯૩૫માં પૂ.શ્રીએ સૈજ ગામે દત્તબાવનીની રચના કરી.

પોતાના ભક્ત કમળાશંકરની પત્ની ધનલક્ષ્મીબેનની પિશાચપીડા દૂર કરવાના શુભ આશયથી પૂ.શ્રીએ આ સંકટવિમોચન સ્તોત્ર રચાયું.

પૂ.શ્રીએ દત્તબાવનીના સંદર્ભમાં કહેલું કે કાળક્રમે કદાચ આપણું બધું સાહિત્ય ભૂલાઈ જશે, પણ દત્તબાવની નહિ ભૂલાય.

પછી તો આ દત્તબાવની રંગ પરિવારમાં એટમબોંબનું કામ કરવા લાગી.

પરંતુ આવા દિવ્ય સ્તોત્રનો ઉપયોગ ક્ષુલ્લક હેતુ માટે ન થવો જોઈએ.

એક વાર પૂ.શ્રી અને કેટલાક ભક્તો હોડીમાં બેસીને ભરૂચથી નારેશ્વર આવતા હતા.

હોડીવાળાએ સઢ છોડ્યો.

નાવડી હંકારી.

**ક્ષમાનો સદ્‌ગુણ વ્યક્તિને મહાન બનાવે છે.**

પવન એકદમ સાનુકૂળ હતો તેથી હોડી તો નર્મદાના જળ પર સરકવા લાગી.

હોડીની ગતિ ખૂબ સરસ હતી.

એ જોઈને બધા ભક્તો રાજી થઈને બોલ્યા કે જોતજોતામાં નારેશ્વર આવી ગયા એમ સમજો.

પૂ. બાપજી સહેજ હસ્યા.

વિનોદ કરતાં કહ્યું: "હં, પછી સઢને ફૂંક મારજો".

અત્યારે પવન છે પણ પછી પવન બંધ થઇ જવાનો છે એવી આગાહી હતી.

અને ખરેખર બન્યું પણ એવું જ.

પવન પડી ગયો.

નૌકાને હલેસા મારવાનો વખત આવ્યો.

પછી તો દોરડું બાંધી ખેંચવાનો વારો આવ્યો.

માથે આકરો તાપ. નૌકા એકદમ ધીમી પડી ગઈ.

"નારેશ્વર આવી ગયા સમજો" એવું કહેનારા "હવે નારેશ્વર ક્યારે પહોંચીશું" એવી ચિંતા કરવા લાગ્યા.

એક ભક્તે કહ્યું: "આપણે બાવની શરૂ કરો. એટલે પવન આવશે."

પૂ.શ્રી આ બધું સાંભળતા હતા અને મરક મરક હસતાં હતાં.

**આશાની બેડીથી બંધાયલો જ દોડે છે.**

પવન આવે એટલા માટે દત્તબાવનીનો ઉપયોગ કરવાનો?

પૂ.શ્રીએ કહ્યું: એમ કે? તલવાર ઘાસ કાપવા માટે વાપરવાની છે?

પૂ.શ્રીએ દત્તબાવની ના કરવા દીધી.

ભગવાનને પવનની જરૂર ન હોય તો આપણે સ્વાર્થ માટે પવન લાવવા દત્તબાવનીનો ઉપયોગ કરવાનો? ભગવાન જેમ રાખે તેમ રહેવું જોઈએ એવો બોધ આપ્યો.

•

## (૨૩)

## જા, તને મરાઠી આવડી ગયું

મૂળ નામ હરિપ્રસાદ જોષી પણ રંગપરિવારમાં ધીરુભાઇ જોષીના નામે બધા ઓળખે.

રાજપીપળાના શિવપ્રસાદ જોષીના સુપુત્ર.

શિવપ્રસાદભાઈ નારેશ્વરના સર્વધર્મકર્મ આચાર્ય.

આ ધીરુભાઈ જોષી વલ્લભ વિદ્યાનગરમાં નલિની એન્ડ અરવિંદ આર્ટસ કોલેજમાં પ્રાધ્યાપક તરીકે નોકરી કરે. એમ.એ. હતા. પછી પીએચ.ડી. કરવા વિચાર્યું.

Ph.D. એટલે Doctorate of Phylosphy.

**આશા એ ચાલતા માણસનું સ્વપ્ન છે.**

એમાં કોઇ વિષય પસંદ કરી એના ઉપર મહાનિબંધ (Thesis) તૈયાર કરવાનો રહે છે.

જે તે વિષયમાં સંશોધન કરીને બધી વિગતો મેળવવાની આવા સંશોધન કાર્યમાં સહાયભૂત થનાર પ્રાધ્યાપક (Guide)ના હાથ નીચે આ Ph.D. કરવાનું રહે છે.

ધીરુભાઇના માર્ગદર્શક (Guide) હતા વિદ્વાન પ્રાધ્યાપક ગોવિંદલાલ ભટ્ટ સાહેબ.

ધીરુભાઇએ વિષય પસંદ કરેલો: ભારતમાં દત્ત ઉપાસનાનો ઉદ્‌ભવ અને વિકાસ.

દત્તભક્તિનો વિકાસ તો મહારાષ્ટ્રમાં અને કર્ણાટકમાં જ મુખ્યત્વે થયો છે.

દત્તભક્તિનું મોટા ભાગનું સાહિત્ય મરાઠી ભાષામાં જોવા મળે.

ધીરુભાઇ રહ્યા ગુજરાતી પણ ગુરુદેવ રંગ અવધૂતજી મહારાષ્ટ્રીયન એટલે એમની મદદથી મરાઠી ગ્રંથોને સમજવા પડે.

મરાઠી ગ્રંથો પૈકી પૂ.શ્રીએ પહેલા શ્રીગુરુચરિત્ર વાંચવા જણાવ્યું.

ધીરુભાઇ તો શ્રીગુરુચરિત્ર ગ્રંથ લઇ આવ્યા.

ગ્રંથ લઇને ગયા પૂ.શ્રી પાસે.

પૂ.શ્રીની હાજરીમાં ગ્રંથ વાંચે.
પૂ.શ્રી મરાઠીનું ગુજરાતીમાં ભાષાંતર કરી આપે.
અને સાથે સાથે મરાઠી ભાષા અને તેનું વ્યાકરણ પણ શીખવાડે.
શરૂઆતમાં પૂ.શ્રીએ એક પાનું વાંચ્યુ અને એનું ગુજરાતી પણ કરી આપ્યું.
પછી કહ્યું કે આવું બધું તો હું ક્યાં સુધી વાંચ્યા કરું?
જા તને એ તો આવડી ગયું.
હવે તું વાંચજે અને ના સમજ પડે તો મને પૂછજે.
પૂ.શ્રીએ કહ્યું કે: જા તને આવડી ગયું તે ખરેખર ધીરુભાઇને આવડી જ ગયું અને પછી કદીયે પૂછવા જવું પડ્યું નથી.
આજે ધીરુભાઇ મરાઠીમાં લખી પણ શકે છે.

●

**પ્રાર્થના એ એક પ્રકારનું ભાવાત્મક ધ્યાન છે.**

(૨૪)

## સેવકની સલાહ સ્વામી સ્વીકારે

રાજપીપળાના શિવપ્રસાદ જોષી નારેશ્વરના સર્વધર્મકર્મ આચાર્ય.

પૂ.શ્રી પ્રત્યે અનન્ય ભક્તિ.

કર્મકાંડનું જ્ઞાન ખૂબ. કર્મકાંડમાં પ્રવિણ.

પૂ.શ્રીના નજીકના માણસ ગણાય.

પૂ.શ્રી જરૂરી બાબતમાં એમનો અભિપ્રાય પૂછે.

એક વાર પૂ.બાપજીને ગરુડેશ્વર જવાનું થયું.

ગરુડેશ્વર તો પૂ.શ્રીના ગુરુમહારાજશ્રીનું સમાધિ સ્થાન.

બાપજીને મન ગુરુમહારાજ એટલે સર્વસ્વ.

પ્રત્યક્ષ દત્ત ભગવાન.

ગરુડેશ્વરના મંદિરમાં ભગવાનના અંદરના ભાગમાં સામાન્ય રીતે કોઈને જવા દેવામાં આવે નહિ.

નિયમનું કડક પાલન થાય.

ગર્ભગૃહમાં ફક્ત પૂજારી જ જઈ શકે.

પૂ.શ્રી ગરુડેશ્વર ગયા ત્યારે જોડે સેવામાં શિવપ્રસાદભાઈ જોષી.

શાસ્ત્રનું જ્ઞાન તો ખરું જ પણ વ્યવહારુ જ્ઞાન પણ સારું.

**પ્રાર્થના અંતઃકરણની સ્વચ્છતા માટે જરૂરી છે.**

ભણેલા પણ ખરા અને ગણેલા પણ ખરા.
બાપજી સ્વામી મહારાજના સ્થાનમાં ખૂબ મર્યાદા પાળે. પગમાં પાદુકા ન પહેરે. પોતાનું આસન ન પાથરે.
પૂ.શ્રી ત્યાં ગયા એટલે પૂ.શ્રીને પૂજારીએ મંદિરના અંદરના ભાગમાં આવવા માટે બોલાવ્યા.
બાપજીને અંદર આવવાનું આમંત્રણ આપ્યું.
હવે શું કરવું? જવું કે ના જવું?
આમંત્રણ સ્વીકારવું કે નિયમનું પાલન કરવું?
પૂ.શ્રીએ શિવપ્રસાદ જોષી સામે જોયું.
આંખથી પૂછ્યું: "અંદર જઉં?"
શિવપ્રસાદભાઈએ આંખથી જ 'ના' કહી.
પૂ. બાપજી અંદર ના ગયા.
સેવકની સલાહ સ્વામીએ સ્વીકારી.
મંદિરમાં દર્શન કરીને પછી બહાર નિકળ્યા એટલે જોષીકાકાએ સ્પષ્ટતા કરી.
એમણે કહ્યું: બાપજી! આ લોકો આપણી પાસે છીંડુ પડાવે- આપણી પાસે નિયમ તોડાવે- અને પછી એનો લાભ ઉઠાવી બીજાને પ્રવેશ આપવાનું ચાલુ કરે.
પૂ.શ્રીએ જોષીકાકાની સલાહ માનીને એક ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડ્યું.

**પ્રાર્થના ધર્મનો સ્તંભ અને સ્વર્ગની ચાવી છે.**

સ્વામી થઈને સેવકને પૂછવું એ એક વાત અને યોગ્ય સલાહ સ્વીકારવી એ બીજી વાત.

બાળકો! જીવનમાં આવી વાતોમાંથી ઘણું શિખવાનું મળતું હોય છે.

•

## (૨૫)

## ✤ અંતર્યામી અવધૂત ✤

રતિલાલ ત્રિવેદી એમનું નામ.

પૂ.શ્રી સાથે ગોધરા સ્કૂલમાં સાથે ભણતા હતા.

મિત્રતાનો સંબંધ.

પણ પછી તો પાંડુરંગ વળામે રંગ અવધૂત મહારાજ બન્યા.

એમણે ભારે તપશ્ચર્યા કરી.

નારેશ્વરના વનને નંદનવન બનાવ્યું.

રતિભાઈનું વતન કાલોલ.

નિવૃત્ત થયા પછી એક વાર નારેશ્વર ગયા.

એક બે મિત્રો સાથે રાત્રે નારેશ્વર પહોંચ્યા.

અગાઉથી જણાવેલું પણ નહિ.

**શબ્દ જેટલા ઓછા તેટલી પ્રાર્થના ઉત્તમ.**

નારેશ્વર રોડ સ્ટેશનથી ત્રણ કિલોમીટર ચાલીએ ત્યારે નારેશ્વર આશ્રમ આવે.

રાત્રે આઠ- સાડા આઠે પહોંચ્યા.

મોદીકાકાએ એક રૂમ આપી.

રૂમમાં જઈને કપડાં ઉતારતા હતા ત્યાં જ એક સેવક આવ્યો.

હાથમાં હરીકેન લેન્ટર્ન હતું.

બધે અજવાળું અજવાળું થયું.

એણે કહ્યું તમને પૂ.શ્રી મળવા બોલાવે છે.

નર્મદામાં સ્નાન કરીને અત્યારે જ જવાનું છે.

એ ભાઈની સાથે નર્મદા પર જઇ રતિભાઈએ અને મિત્રોએ સ્નાન કર્યું.

નર્મદા પર જતાં જતાં રતિભાઈને થયું કે અગાઉથી જાણ નો’તી કરી તો એમણે જાણ્યું કેવી રીતે?

સ્નાન કરીને દર્શને ગયા.

પ્રણામ કરીને પાસે બેઠા.

મિત્રનો સંબંધ હતો પણ હવે રતિભાઈ એમને ગુરુદેવ ગણતા હતા.

એમને થયું કે ગુરુદેવના દર્શન થયાં એટલે હવે મારા દુ:ખનો અંત આવશે. મારી બધી મુશ્કેલી ટળી જશે.

**પ્રાર્થના આત્માનો ખોરાક છે.**

એમના મનનાં વિચાર જાણી ગયા હોય તેમ પૂ.શ્રી બોલ્યા: જુઓ, શ્રીકૃષ્ણ ભગવાન પાંડવો સાથે જ રહેતા હતા અને છતાંયે પાંડવોને તેમના જીવનમાં કેટલા કષ્ટ વેઠવા પડ્યાં?

રતિભાઈને ખાતરી થઈ ગઈ કે અવધૂતજી અંતર્યામી છે. મનની વાત જાણી જાય છે.

પૂ.શ્રી મિત્રતાને ભૂલ્યા ન હતા.

પોતે મોટા યોગીપુરુષ છે એવું અભિમાન પણ નહિ.

એમણે ઓળખાણ આપતાં કહ્યું: "આજે શ્રીકૃષ્ણ સુદામાના ઘેર આવ્યા છે."

મિત્રતાનોસ્વીકાર અને પોતાના ઈષ્ટદેવ ભગવાન કૃષ્ણ છે એ વાતની જાણકારીથી રતિભાઈ તો આશ્ચર્યમાં ડૂબી ગયા.

બીજાને માન આપે તે મોટો.

પોતે માન ઇચ્છે નહિ પણ બીજાને માન આપે તે જ મહાન.

ભગવાન વિષ્ણુ માટે વિષ્ણુસહસ્રનામમાં આવો અર્થ સૂચવતા નામો છે:

**અમાની માનદો માન્ય: ।**

●

**પ્રાર્થનારૂપી નાના પરબિડિયામાં મોટી માંગણી મૂકી શકાય.**

(અનુસંધાન ટાઈટલ પેજ ૪)

પગાર શો મળશે ?
આત્મસંતોષ, અમર આનંદ, શાશ્વત શાંતિ !

અરજી ક્યાં કરવી ?
અંતરના ઊંડાણમાં

કામ પર ક્યારે ચઢવું ?
નિશ્ચય પાકો થાય ત્યારે, અબઘડી !

હાજર ક્યાં થવું ?
જ્યાં હો ત્યાં જ, સર્વત્ર !

અરજી સ્વીકાર્યાનો જવાબ ?
ઉરનો ઉલ્લાસ.
અરજી કોને કરવી ?
અંતરાત્મા - અવધૂતને !!

જગત્સુહૃદ
રંગ અવધૂત

•

## જોઈએ છે ! જોઈએ છે !! જોઈએ છે !!!

કોણ ?

ઉપદેશકો

કેવા ?

વાણીશૂરા નહિ, પણ વર્તનશૂરા.

માત્ર શબ્દથી શીખ દે તેવા નહિ,
પણ આચરણથી ઉદ્‌બોધે તેવા.

પરોપદેશે પાણ્ડિત્યં' કરે તેવા નહિ,
પણ પોતાની જાતને ઉપદેશે તેવા.

બધાના ગુરુ થવા દોડે તેવા નહિ,
પણ સર્વના શિષ્ય થવા મથે તેવા.

શ્રોતાઓનું વિત્તહરણ કરે તેવા નહિ,
પણ વેદના હરે તેવા.

ઉધાર આદર્શવાદી નહિ,
પણ રોકડ વાસ્તવવાદી,
સ્વપ્નસેવી નહિ, પણ જાગૃત-જીવી.

(અનુસંધાન ટાઈટલ પેજ ૩)